सत्यमेव जयते

# રાષ્ટ્રીય બૌદ્ધિક સંપદા અધિકાર નીતિ

रचनात्मक भारत; अभिनव भारत
Creative India; Innovative India

12મી મે 2016




ભારત સરકાર
વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય
ઔદ્યોગિક નીતિ અને પ્રોત્સાહન વિભાગ

Government of India
Department of Science & Technology
Ministry of Science & Technology

Department of Science & Technology
Government of Gujarat

# પેટન્ટ ઈન્ફર્મેશન સેન્ટર (PIC)

# PATENT INFORMATION CENTER

## ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી

**IPR પરિસ્થિતીને પ્રમાણિત અને નિશ્ચત સ્વરુપ આપવાના હેતુસર ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) અને વિજ્ઞાન તથા ટેક્નોલોજી ડિપાર્ટમેન્ટ, ભારત સરકારના નાણાકીય તથા ટેક્નીકલ આધાર હેઠળ પેટન્ટ ઇન્ફર્મેશન સેન્ટર (PIC)ની સ્થાપના કરવવામાં આવેલ છે.**

**પેટન્ટ ઇન્ફર્મેશન સેન્ટર આ સુવિધાઓ પૂરી પાડે છે. ભારતીય અને વિદેશી પેટન્ટ મેળવવા સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રના ઈનોવેટરસને માહિતી તથા સુવિધાઓ પૂરી પાડવી.બૌધિક સંપદા અધિકાર ક્ષેત્રના વિકાસ પર નજર રાખી નિતી ઘડવૈયા, ઈનોવેટરસ અને ઉધ્યોગો વગેરે માટે મહત્વના મુદ્દા બનાવવા. પેટન્ટ ઇન્ફર્મેશન સેન્ટર એ IPR ની બાબતો માટે ટેકનોલોજીકલ સહાયકની સવલત પૂરી પાડે છે અને ભારતનીજુદી જુદી રજિસ્ટ્રી કચેરીઓ ખાતે ડિઝાઇન, ટ્રેડમાર્ક, જીઆઈ અને કૉપિરાઇટ વગેરે ની નોંધણી કરે છે.**

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી
વિજ્ઞાન અને પ્રૌધોગિક વિભાગ, ગુજરાત સરકાર
**Investing In Science : Investing In The Future**

सत्यमेव जयते

# રાષ્ટ્રીય બૌદ્ધિક સંપદા અધિકાર નીતિ

**12મી મે 2016**

**ભારત સરકાર**
**વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય**
**ઔદ્યોગિક નીતિ અને પ્રોત્સાહન વિભાગ**

# રાષ્ટ્રીય બૌદ્ધિક સંપદા અધિકાર નીતિ

## અનુક્રમણિકા


**કાર્યકારી સારાંશ**........................................ 2

**પ્રસ્તાવના**........................................6

**વિહંગાવલોકન**........................................7

**દૂરંદેશી નિવેદન**........................................8

**ધ્યેયોચિત નિવેદન**........................................ 9

**હેતુઓ**........................................9

**હેતુ 1: IPR અંગે જાગૃતિ : પ્રસાર અને પ્રોત્સાહન** ........................................9

**હેતુ 2: IPR નું સર્જન**........................................12

**હેતુ 3: કાયદાકીય અને ધારાકિયમાળખું**........................................17

**હેતુ 4: સંચાલન અને વ્યવસ્થાપન**........................................19

**હેતુ 5: IPR નું વાણિજ્યકરણ**........................................24

**હેતુ 6: પાલન અને ન્યાયનિર્ણય**........................................28

**હેતુ 7: માનવમૂડીનો વિકાસ**........................................30

**અમલીકરણ**........................................32

# રાષ્ટ્રીય બૌદ્ધિક સંપદા અધિકાર નીતિ

## કાર્યકારી સારાંશ

કોઈપણ જ્ઞાન આધારિત અર્થતંત્રની વૃદ્ધિ અને વિકાસ માટે સર્જનાત્મકતા અને નવીનીકરણ એ એક અચળાંકનું કામ કરે છે. ભારતમાં વિપુલમાત્રામાં સર્જનાત્મક અને નવીનીકરણની ઊર્જાઓનો પ્રવાહ બહુ વિશાળ માત્રામાં ઉપલબ્ધ છે. ભારતમાં TRIPSને સુસંગત, મજબૂત, ન્યાયપૂર્ણ અને ગતિશીલ IPR અમલમાં છે. એક સાર્વત્રિક રીતે સમાવેશી IPR નીતિ ભારતની જાહેર જનતાના હિતોના સંરક્ષણ કરતાં–કરતાં, ભારતની આર્થિક વૃદ્ધિ અને સામાજિક–સાંસ્કૃતિક વિકાસ માટે બૌદ્ધિક સંપત્તિની પૂર્ણ સંભાવનાઓને ઉત્પ્રેરક બનાવવા માટે એક સાકલ્યવાદી અને ઉપકારક નિવસનતંત્રને પ્રોત્સાહન પૂરું પાડશે. IPRS ના એક વેચાણ યોગ્ય નાણાકીય મિલ્કત અને આર્થિક સાધન તરીકે રહેલા મહત્ત્વ અંગે જાગૃતિના સર્જનની રહેલી જરૂરીયાતમાં રાષ્ટ્રીય IPR નીતિનું મહત્ત્વ રહેલું છે.

## દૂરંદેશી નિવેદન

એક એવું ભારત કે જ્યાં બધાં લોકોના લાભ માટે બૌદ્ધિક સંપત્તિ દ્વારા સર્જનાત્મકતા અને નવીનીકરણને ઉત્તેજના મળતી હોય; એક એવું ભારત જ્યાં બૌદ્ધિક સંપત્તિ એ વિજ્ઞાન અને તકનિકી, કલા અને સાહિત્ય, પરંપરાગત જ્ઞાન અને જૈવિક વિવિધતાયુક્ત સંશાધનોમાં પ્રગતિને પ્રોત્સાહન આપતી હોય; એક એવું ભારત કે જેમાં જ્ઞાન એ વિકાસનું મુખ્ય ચાલક બળ હોય, અને જે જ્ઞાનની માલિકી હોય તેનું વહેંચાયેલા જ્ઞાનમાં પરિવર્તન થતું હોય.

## ધ્યેયોચિત નિવેદન

ભારતમાં આવું કરવા માટે એક ગતિશીલ, ગુંજી ઊઠનાર અને સંતુલિત બૌદ્ધિક સંપત્તિના અધિકારોના તંત્રને કાર્યપ્રવૃત્ત કરવું;

- સર્જનાત્મકતા અને નવીનીકરણનું સંવર્ધન કરવું અને પરિણામસ્વરૂપે, ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવું તથા સામાજિક–આર્થિક સાંસ્કૃતિક વિકાસમાં વધારો કરવો, અને
- વાઈબ્રન્ટ સામાજિક, આર્થિક અને ટેક્નોલોજીની દૃષ્ટિએ મહત્ત્વના અન્ય ક્ષેત્રોની વચ્ચે, સ્વાસ્થ્ય સંભાળ, ખાદ્ય સુરક્ષા અને પર્યાવરણ સુરક્ષા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવું.

આ નીતિ સાત હેતુઓ પૂરા પાડે છે જેને સંલગ્ન મંત્રાલય / વિભાગ દ્વારા હાથ ધરવાના પગલાંઓ સાથે વિસ્તૃત રીતે સમજાવવામાં આવેલ છે. એ હેતુઓને નીચે સંક્ષિપ્તમાં દર્શાવવામાં આવેલા છે.

## હેતુ 1: IPR અંગે જાગૃતિ : પ્રસાર અને પ્રોત્સાહન – સમાજના દરેક વિભાગોમાં IPRsના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક લાભો અંગે જાહેર જાગૃતિનું સર્જન કરવું.

21મી સદી જ્ઞાનનો યુગ છે અને જ્ઞાનસભર અર્થતંત્ર તેનું ચાલકબળ છે. IPRSના લાભો અને તેના હક ધારકો તથા જાહેરજનતા માટે રહેલા મહત્ત્વ અંગેની જાગૃતિમાં વધારો કરવાના ધ્યેયની સાથે એક રાષ્ટ્ર–વ્યાપી પ્રોત્સાહન કાર્યક્રમની શરૂઆત કરવી. આવો કાર્યક્રમ એક એવા વાતાવરણનું સર્જન કરશે જેમાં જાહેર અને ખાનગીક્ષેત્રો, સંશોધન અને વિકાસ કેન્દ્રો, ઉદ્યોગ અને શૈક્ષણિક ક્ષેત્રોમાં સર્જનાત્મકતા અને નવીનીકરણને ઉત્સાહિત કરવામાં આવશે, જેના પરિણામે એવી સંરક્ષિત બૌદ્ધિકસંપત્તિનું સર્જન થશે કે જેનું વાણિજ્યકરણ કરી શકાય. ખાસ કરીને ગ્રામ્ય તથા દૂર ફેલાયેલા વિસ્તારોમાં ઓછાં–દૃશ્યમાન બૌદ્ધિક સંપત્તિના સર્જકો અને ધારકો સુધી પહોંચવું પણ જરૂરી છે. આ કાર્યક્રમનો ભેરી નાદ આસાકલ્યવાદી સૂત્ર દ્વારા ગૂંજશે :
**"Creative India; Innovative India:** रचनात्मक भारत; अभिनव भारत' : **રચનાત્મક ભારત; અભિનવભારત".**

## હેતુ 2: IPRS નું સર્જન : IPRS ના સર્જનને કાર્યપ્રવૃત્ત કરવું.

ભારતમાં સંશોધન અને વિકાસની સંસ્થાઓ, ઉદ્યોગસાહસો, વિશ્વવિદ્યાલયો અને તકનીકિ સંસ્થાઓમાં વૈજ્ઞાનિક અને તકનીકિ પ્રતિભાઓનો વિશાળ સમૂહ રહેલો છે. આ ફળદ્રુપ જ્ઞાનના સંશાધનનો ઉપયોગ કરવાની અને બૌદ્ધિક સંપત્તિઓના સર્જનને કાર્યપ્રવૃત્ત કરવાની જરૂર રહેલી છે. એક વ્યાપક આધાર રેખાના સર્વેક્ષણ અથવા બધાં જ ક્ષેત્રોમાં બૌદ્ધિક સંપત્તિ અંગેનું ઓડિટ કરવાથી ચોક્કસક્ષેત્રોમાં રહેલી સંભાવનાઓનું આકલન અને મૂલ્યાંકન થઈ શકશે, અને એ રીતે લક્ષ્યાંકિત કાર્યક્રમનોને ઘડીને તેનું અમલીકરણ શક્ય બનશે. રાષ્ટ્રીય અગ્રતાના વિસ્તારોમાં સંશોધકો અને નવીનીકરણ કરનારાઓને સવલતો પૂરી પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. કોર્પોરેટ જગતને પણ IPRsના સર્જન કરવા અને તેનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવું જરૂરી છે. એક એવા તંત્રના સર્જન કરવા માટેના પગલાં લેવા પણ જરૂરી છે, જેના દ્વારા IPR શાસનના લાભો બધાં જ રોકાણકારો સુધી પહોંચે, ખાસ કરીને MSMEs, સ્ટાર્ટઅપ અને પાયાના રોકાણકારો સુધી.

## હેતુ 3: કાયદાકીય અને ધારાકીય માળખું–મજબૂત અને અસરકારક IPRના કાયદા બનાવવા. જેનાથી અધિકારની માલિકી ધરાવનારાઓના હિતની સાથે વ્યાપક જાહેરહિતને સંતુલિત કરી શકાય.

ભારતના પ્રવર્તમાન IP કાયદાઓ TRIPS કરાર બાદ અમલમાં લાવવામાં આવેલ અથવા તેની પુર્નઃવિચારણા કરવામાં આવેલા છે અને તેઓ તેની સાથે સંપૂર્ણ રીતે સુસંગત છે. આ કાયદાઓની સાથે સાથે વિવિધ ન્યાયિક નિર્ણયો દ્વારા TRIPSના સંરક્ષણ અને પ્રોત્સાહન માટે એક સ્થિર અને અસરકારક કાયદેસરનું માળખું મળી રહે છે. ભારત TRIPS કરાર અને જાહેર સ્વાસ્થ્ય પરની દોહા ઘોષણા પ્રત્યે પ્રતિબદ્ધ રહેશે. એની સાથે–સાથે, ભારત

પરંપરાગત ઔષધિય જ્ઞાનથી સમૃદ્ધ છે જે આપણા દેશમાં વિવિધ પ્રકારના સ્વરૂપમાં મળી રહે છે. અને તેને દુર્વિનિયોગથી સંરક્ષિત રાખવું મહત્ત્વનું છે.

## હેતુ 4: સંચાલન અને વ્યવસ્થાપન–સેવાકેન્દ્રિત IPR સંચાલનનું આધુનિકરણ કરવું અને તેને મજબૂત કરવું.

વિવિધ પ્રકારના બૌદ્ધિક સંપત્તિના અધિકારોનું સંચાલન કરતાં કાર્યાલયો (IPO) એ કાર્યક્ષમ અને સંતિલુત IPR તંત્ર માટેનું અનિવાર્ય ઘટક છે.

હવે IPO સમક્ષ બેવડા પડાકર રહેલાં છે, એક તરફ તેણે તેનું કાર્ય વધુ કાર્યક્ષમ, સુવ્યવસ્થિત અને વ્યાજબી ખર્ચ યુક્ત બનાવવાની સાથે, કાર્યભારનું વિસ્તરણ કરીને તકનીકિ ગૂંચવણોની સાથે કામ પાર પાડવાનું છે, તો બીજી તરફ તેણે તેનો ઉપયોગ કર્તાઓના સમુદાયને મિત્રરૂપ બને એ રીતની મૂલ્યવર્ધક સેવાઓ પૂરી પાડવાની છે. કોપીરાઈટ એક્ટ, 1957 અને સેમીકન્ડક્ટર ઇન્ટિગ્રેટેડ સર્કિટ્સ લેઆઉટ–ડિઝાઈન એક્ટ, 2000 નેડીઆઈપીપીની છત્રછાયા હેઠળ લેવવામાં આવી રહેલ છે, સાથે–સાથે એક સેલફોર IPR પ્રોમોશન એન્ડ મેનેજમેન્ટ (CIPAM) ની રચના થઈ રહી છે. આનાથી IP કાર્યાલયોની વચ્ચે વધુ અસરકારક અને સહક્રિયાશીલ રીતે કામગીરી થશે, તેની સાથે–સાથે IP સંપત્તિને પ્રોત્સાહન મળશે, સર્જન થશે અને તેનું વાણિજ્યકરણ થશે.

## હેતુ 5: IPR નું વાણિજ્યકરણ–વાણિજ્યકરણ દ્વારા IPRનું મૂલ્ય મેળવું.

IP અધિકારના માલિકોને માત્ર તેના વાણિજ્યકરણ દ્વારા તેનું મૂલ્ય અને આર્થિક વળતર મળી શકે છે. ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહિત કરવી જોઈએ જેથી IPRsના નાણાકીય મૂલ્યને મેળવી શકાય. રોકાણકારો અને IP સર્જકોને જોડવા જરૂરી છે.

IPRsના વેચાણના હેતુ માટે IPનું મૂલ્યાંકન અને તેની ક્ષમતાઓનું આંકલન કરવું એ એક મૂંઝવણ છે. સર્જકો અને શોધકર્તાઓને સંભવિત ઉપયોગકર્તાઓ, ખરીદારો અને ભંડોળ પૂરું પાડનાર સંસ્થાઓ સાથે જોડવા માટેના એક જાહેર પ્લેટફોર્મની રચના કરવા માટે પ્રયત્નો થવા જ જોઈએ.

## હેતુ 6: પાલન અને ન્યાયનિર્ણય–IPRના ભંગ સામેની લડાઈ માટેના પાલન અને ન્યાયનિર્ણય માટેના તંત્રોને શક્તિ પ્રદાન કરવી.

જાહેરજનતામાં IPR માટે સન્માનનું સર્જન થાય અને IPના સર્જકો અને શોધકર્તાઓને તેમના અધિકારોના સંરક્ષણ અને અમલીકરણ પ્રત્યે સંવેદનશીલ બનાવવા જરૂરી છે. એ જ સમયે, વિવિધ સ્તરો પર અમલીકરણ કરનાર એજન્સીઓને મજબૂત બનાવવી જરૂરી છે, જેમાં રાજ્ય સરકારના પોલિસદળોમાંના IPR સેલનો પણ

સમાવેશ થાય છે. નકલી બનાવટો અને ચોરીને રોકવા માટેના પગલાંઓને પણ ઓળખી કાઢવાની અને હાથ ધરવાની જરૂર છે. નિયમિત IPR વર્કશોપ્સ / ન્યાયાધિશો માટે વાતચીતને લીધે IPR વિવાદોના અસરકારક ન્યાય નિર્ણયમાં સુવિધા મળી રહેશે. ખાસ વાણિજ્ય કોર્ટ્સ દ્વારા IPR વિવાદો પર ન્યાય નિર્ણય મેળવવોએ વધુ ઇચ્છનીય રહેશે. વિવાદના સમાધાન માટેના વૈકલ્પિકતંત્ર અંગે પણ કદાચ સંભવિત શક્યતા તપાસવામાં આવશે.

## હેતુ 7: માનવમૂડીનો વિકાસ–માનવસંશાધનો, સંસ્થાઓને મજબૂત બનાવીને વિસ્તરણ કરવું અને IPRમાં શિક્ષણ, તાલીમ, સંશોધન અને કૌશલ્ય નિર્માણની ક્ષમતામાં વધારો કરવો.

આર્થિક વૃદ્ધિ માટે IPRsની પૂર્ણ સંભાવનાઓમાં સામંજસ્ય લાવવા માટે, નીતિ અને કાયદો, વ્યુહરચના વિકાસ, સંચાલન અને અમલીકરણ જેવા ક્ષેત્રોમાં IPR વ્યવસાયિકો અને નિષ્ણાતોનો એક વધતો જ તો વિશાળ સમૂદાય વિકસાવવો આવશ્યક છે. નિષ્ણાતોનો આવો એક વિશાળ સંગ્રહ દેશમાં IP સંપત્તિઓના સર્જન અને તેનો વિકાસના હેતુઓ માટે ઉપયોગ કરવામાં સવલત પૂરી પાડશે.

## અમલીકરણ

વર્તમાન IP નીતિ IPને રાષ્ટ્રીય વિકાસ યોજનાઓમાં એક નીતિ અને વ્યુહાત્મક સાધન તરીકે વણી લેવા માંગે છે. તે ભારતમાં IP તંત્રના એક સંકલિત અને એકીકૃત વિકાસને અને IP સંબંધિત કાયદાકીય, સંચાલકીય, સંસ્થાગત અને અમલીકરણની બાબતોને સાકલ્યવાદી વલણ સાથે જોવાની જરૂરને જોઈ શકે છે. DIPP એ ભારતમાં IPRના સંકલન, માર્ગદર્શન અને અમલીકરણ પર દેખરેખ રાખનાર મધ્યસ્થબિંદુ હોવું જોઈએ ત્યારે, કાર્યના જે–તે ફાળવવામાં આવેલ ક્ષેત્રમાં કાર્યની યોજના વાસ્તવિક અમલીકરણની જવાબદારી સંલગ્ન મંત્રાલય / વિભાગની રહેશે. અમલીકરણ પ્રક્રિયામાં જાહેર અને ખાનગીક્ષેત્રની સંસ્થાઓ અને અન્ય હિતધારકો, જેમાં રાજ્ય સરકારોનો પણ સમાવેશ થાય છે. તેમને પણ સાંકળવામાં આવશે.

## પ્રસ્તાવના

કોઈપણ જ્ઞાન આધારિત અર્થતંત્રની વૃદ્ધિ અને વિકાસ માટે સર્જનાત્મકતા અને નવીનીકરણ એ એક આધારબિંદુનું કામ કરે છે. ભારતમાં વિપુલ માત્રામાં સર્જનાત્મક અને નવીનીકરણની ઊર્જાઓનો પ્રવાહ બહુ વિશાળ માત્રામાં ઉપલબ્ધ છે. ફિલ્મ અને સંગીત ઉદ્યોગનો ક્રમિક અને ઝડપી વિકાસ; વૈશ્વિકસ્તર પર પરવડે તેવી કિંમત પર દવાઓ સુધીની પહોંચને સક્ષમ બનાવવા અને તેને વિશ્વના ઔષધાલયમાં પરિવર્તિત કરવામાં ભારતના ફાર્માસ્યુટિકલ ક્ષેત્રનું યોગદાન; એક મજબૂત અને ગતિશીલ સૉફ્ટવેર ઉદ્યોગ; એક નોંધનીય રીતે વૈવિધ્યતાપૂર્ણ હસ્તકલા અને કાપડ ઉદ્યોગ; ભારતની આયુર્વેદ, યુનાની, સિદ્ધા અને યોગા જેવી ઔષધ પ્રણાલીઓની સમૃદ્ધિ અને સર્વતોમુખીતા; ભારતીય અવકાશ કાર્યક્રમમાં કરવામાં આવેલી પ્રગતિ અને તેના ખર્ચને અસરકારક રીતે ઓછો રાખવામાં વૈજ્ઞાનિકોની રહેલી મુખ્ય ભૂમિકા; આ બધાંએ ઊર્જાઓના માત્ર થોડાંક ઉદાહરણો છે.
ભારત હંમેશા એક નવીનીકરણસભર સમાજ હોવાની સાથે, સર્જન પામેલ મોટાભાગની બૌદ્ધિક સંપત્તિ જાગૃતિના અભાવ અને સમજ IP ને સંરક્ષણ જરૂરી નથી અથવા તે સંરક્ષણ મેળવવાની જે પ્રક્રિયા છે એ બિનજરૂરી રીતે ગૂંચવણ ભરેલી છે તેવી સમજને કારણે અસંરક્ષિત રહે છે. IPRsના એક વેચાણ યોગ્ય નાણાકીય મિલ્કત અને આર્થિક સાધન તરીકે રહેલા મહત્ત્વ અંગે જાગૃતિના સર્જનની રહેલી જરૂરીયાતમાં રાષ્ટ્રીય IPR નીતિ અંગેનો તર્ક રહેલો છે.

ભારત પાસે IPના ખડતલ કાયદા અને મજબૂત રીતે IP કાયદા અંગે પ્રાવિણ્ય રહેલું છે. એ કાયદાકીય માળખું રાષ્ટ્રીય અગ્રતાઓ અને અંદર રહેલ નીતિ અભિગમનું પ્રતિબિંબ પાડે છે, જે સમયની સાથે વિકાસ પામેલ છે. જેમાં વિકાસની જરૂરીયાતોને અને આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતાઓને ધ્યાનમાં રાખવામાં આવેલ છે. એક સાર્વત્રિક રીતે સમાવેશી IPR નીતિ ભારતની જાહેર જનતાના હિતોના સંરક્ષણ કરતાં-કરતાં, ભારતની આર્થિકવૃદ્ધિ અને સામાજિક-સાંસ્કૃતિક વિકાસ માટે બૌદ્ધિક સંપત્તિની પૂર્ણ સંભાવનાઓને ઉત્પ્રેરક બનાવવા માટે એક સાકલ્યવાદી અને ઉપકારક નિવસનતંત્રને પ્રોત્સાહન પૂરું પાડશે. આવી એક નીતિ IP સંસ્કૃતિનો ઉછેર કરશે, જેનાથી બધાંજ સર્જકો અને શોધકર્તાઓને તેમની ક્ષમતા મુજબ IPRsનું સર્જન કરવામાં, સંરક્ષણ કરવામાં અને તેનો ઉપયોગ કરવામાં માર્ગદર્શન અને ક્ષમતા મળશે. જેના લીધે સંપત્તિના સર્જન, રોજગારીની તકો અને ધંધાના વિકાસમાં યોગદાન મળી રહેશે.

આ નીતિ સરકાર, સંશોધન અને વિકાસ સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, કોર્પોરેટ એકમો જેમાં MSMEsનો, સ્ટાર્ટઅપ્સનો સમાવેશ થાય છે તેમની અન્ય હિતધારકોની શક્તિઓને એકબીજા સાથે વણી લેશે જેનાથી એક નવીનીકરણ માટે સંવાદિતતા પૂરું પાડતાં વાતાવરણનું સર્જન થશે. તે આપણા મૂળ કાયદાઓને શક્તિમાન બનાવીને પારદર્શક, ભવિષ્ય ભાખી શકાય તેવા અને કાર્યક્ષમ સંચાલકીય અને પ્રક્રિયા સંબંધી તંત્રોની સાથે સુમાહિતગાર ન્યાય નિર્ણય કરનાર માળખું પૂરું પાડશે.

## વિહંગાવલોકન

રાષ્ટ્રના વિકાસ માટેની અગ્રતાઓને સુસંગત રીતે અને એવી આંતરરાષ્ટ્રીય સંધિઓ, સંમેલનો અને કરારો કે જેમાં ભારત એક પક્ષકાર હોય તેની સાથે સંવાદિતતા રહે એ રીતે સરકાર દ્વારા છેલ્લા બે દાયકામાં લેવામાં આવેલ ઠોસ પગલાંઓથી એક TRIPSને સુસંગત, મજબૂત, ન્યાયપૂર્ણ અને ગતિશીલ IPR શાસનનું સર્જન થઈને સ્થાપિત થયેલ છે. IPRsના સંચાલન, વ્યવસ્થાપન અને અમલમાં સતત અને અંતહિન સુધારાઓની સાથે ધારાકીય અને સંચાલકીયસ્તરો પર સાર્વત્રિક અસર કરનાર અને દૂરંદેશી સુધારાઓને લીધે મજબૂતી પ્રાપ્ત થઈ છે.

ભારતમાં વિવિધ પ્રકારની IPRsને નિયંત્રિત કરતા કાયદાઓમાં પેટન્ટ્સ એક્ટ–1970; ટ્રેડમાર્ક્સ એક્ટ–1999; ડિઝાઈન્સ એક્ટ– 2000; જીઓગ્રાફિકલ ઇન્ડિકેશન્સ ઓફ ગુડ્ઝ (રજિસ્ટ્રેશન એન્ડ પ્રોટેક્શન) એક્ટ–1957; પ્રોટેક્શન ઓફ પ્લાન્ટ વેરાઈટીઝ એન્ડ ફાર્મર્સ રાઈટ્સ એક્ટ–2001; સેમીકંડક્ટર ઇન્ટીગ્રેટેડ સર્કિટ્સ લેઆઉટ–ડિઝાઈન એટ, 2000 અને બાયોલોજીકલ ડાઈવર્સિટી એક્ટ–2002નો સમાવેશ થાય છે.

ધી ડિપાર્ટમેન્ટ ઓફ ઇન્ડસ્ટ્રીયલ (Industrial) પોલિસી એન્ડ પ્રોમોશન (DIPP)ને IPR પરની યુ.એન.ની ખાસ એજન્સી, ધી વર્લ્ડ ઇન્ટલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઈઝેશન (WIPO)ને લગતી બાબતોની જવાબદારી આપવામાં આવેલ છે.

જેમાં સંલગ્ન મંત્રાલયો કે વિભાગોની સાથે સંકલન કરવાના કાર્યનો પણ સમાવેશ થાય છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના ઔદ્યોગિક નીતિ અને પ્રોત્સાહન વિભાગ હેઠળના, ધી કંટ્રોલ જનરલ ઓફ પેટન્ટ્સ, ડિઝાઈન્સ એન્ડ ટ્રેડમાર્ક્સ (CGPDTM)ને ભારત ક્ષેત્રોમાં પેટન્ટ્સ, ડિઝાઈન્સ, ટ્રેડમાર્ક્સ અને જીઓગ્રાફિકલ ઇન્ડકેશન્સને સંબંધિત કાયદાઓનું સંચાલન જવાબદારી આપવામાં આવી છે. એ CGPDTM વર્તમાનમાં ચાર સ્થળો (ચેન્નાઈ, દિલ્હી, કોલકાટા અને મુંબઈ) ખાતેના પેટન્ટ કાર્યાલયો, પાંચ સ્થળો (અમદાવાદ, ચેન્નાઈ, દિલ્હી, કોલકાટા અને મુંબઈ) ખાતેના ટ્રેડમાર્ક્સ કાર્યાલયો, ચેન્નાઈ ખાતેના એક જીઓગ્રાફિકલ ઇન્ડિકેશન રજીસ્ટ્રી કાર્યાલય અને કોલકાટા ખાતેની એક ડિઝાઈન્સ વિંગ દ્વારા કાર્ય કરે છે. CGPDTM નાગપુર ખાતેના રાજીવગાંધી નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પ્રોપર્ટી મેનેજમેન્ટનો હવાલો પણ ધરાવે છે.

અત્યાર સુધી માનવસંશાધન વિકાસ મંત્રાલય દ્વારા કોપીરાઈટ્સ આપવામાં આવતા હતાં. એ કોપીરાઈટ્સ એક્ટ બહોળા અવકાશવાળો છે અને તાજેતરમાં કરવામાં આવેલ સુધારાઓની સાથે, સર્જનકારોના અધિકારો મજબૂત થયાં છે.

ધી પ્રોટેક્શન ઓફ પ્લાન્ટ વેરાઈટીઝ એન્ડ ફાર્મર્સ રાઈટ્સ એક્ટ, 2001 એ ભારતમાં ઘડાયેલ એક અદ્વિતિય કાયદો છે, જે વિવિધ પ્રકારના છોડને અને ખેડૂતોના અધિકારોને સંરક્ષણ પૂરું પાડે છે અને તે કૃષિ મંત્રાલયની છત્રછાયા હેઠળ આવેલ છે.

ઇન્ફોર્મેશન ટેકનોલોજી વિભાગ સેમીકંડક્ટ ઇન્ટીગ્રેટેડ સર્કિટ્સ લેઆઉટ–ડિઝાઈન્સ માટે જવાબદાર હતો;

ઓક્ટોબર 2014માં સૌપ્રથમ વખત વિભાગ સેમીકંડક્ટ ઇન્ટીગ્રેટેડ સર્કિટ્સ લેઆઉટ–ડિઝાઇન કાયદા હેઠળ રજિસ્ટ્રેશન થયેલું.

ભારતમાં જૈવિક વિવિધતાનું રક્ષણ એ પર્યાવરણ અને વનમંત્રાલય હેઠળ આવે છે. ધી બાયોલોજીકલ ડાયવર્સિટી એક્ટ 2002 એ જૈવિક સંશાધનોના ઉપયોગ અને તેની સાથે સંકળાયેલ પરંપરાગત જ્ઞાનને લીધે મળી આવતા લાભોની ન્યાયિક અને વાજબી વહેંચણીને સુનિશ્ચિત કરવાનું અને તેના સુધીની પહોંચને નિયંત્રિત કરવાનું તંત્ર પૂરું પાડે છે.

ભારત તેનાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં રહેલા ઉત્તરદાયિત્વો પ્રત્યે હંમેશા સજાગ રહ્યું છે. અને કેટલાંય આંતરરાષ્ટ્રીય સંમેલનોમાં જોડાયેલ છે જેથી વૈશ્વિક સ્તર પર IPRsના પ્રક્રિયાત્મક હેતુને આગળ ધપાવી શકાય. ભારત એ પ્રજ્ઞાચક્ષુ (અંધ) વ્યક્તિઓ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ કાર્યો સુધી પહોંચ મેળવવા માટેની મારાંકેશટ્રીટી 2013 પરશી કરનાર પ્રથમ દેશ હતો. 2013માં મેડ્રિડ પ્રોટોકોલ સાથેનું જોડાણ એ ગુણોના માલિકો સાતે વૈશ્વિક જોડાણ માટેનું પ્રથમ પગલું છે. ભારતના પેટન્ટ કાર્યાલયને એક આંતરરાષ્ટ્રીય શૉધ માટેની સત્તા અને એક આંતરરાષ્ટ્રીય પ્રાથમિક ચકાસણીની સત્તા તરીકે માન્ય કરવામાં આવેલ છે.

ભારતમાં IPRsના વહિવટી તંત્રમાં ન્યાયિક સમીક્ષા અને અપીલની જોગવાઈઓના રૂપમાં પુરતા સુરક્ષા ઉપાયો ઉપલબ્ધ છે. ભારતની અદાલતોએ સાતત્યપૂર્ણ રીતે IPRsને લાગુ કરાવેલ છે. જેમાં ન્યાયિક ચુકાદાઓ આપણા કાયદાના આશય અને પ્રયોજનને સ્પષ્ટ રીતે વ્યક્ત કરે છે. કંટ્રોલર્સ ઓફ પેટન્ટ્સ તેમજ રજિસ્ટ્રાર્સ ઓફ ટ્રેડ માર્ક્સ અને કંટ્રોલસ GIsના નિર્ણયોમાંથી ઉદ્ભવતિ અપીલોને ધી ઇન્ટલેક્ચ્યુઅલ પ્રોપર્ટીએ એપલેટ બોર્ડ (IPAB) સાંભાળે છે. શુભ શરૂઆતોની એક શ્રેણીના ભાગરૂપે, CGPDTM હેઠળ આવેલ IP કાર્યાલયોને આધુનિક બનાવવામાં આવેલ છે અને તેમાં વધુ સારું કાર્ય થઈ શકે તેવા એક દૃષ્ટિગોચર ફેરફારને જોઈ શકાય છે. એક ઝડપી ઇ–સેવા પહોંચ પ્રણાલીને વિકસાવવા માટે સજાગ પ્રયત્નો થઈ રહ્યાં છે, જેમાં ઇ–ઇનેબલ્ડ નવીનીકરણયુક્ત સાધનો દ્વારા ગતિશીલ IP જ્ઞાનના ખરા સમયે જાહેરજનતા સુધી પ્રસારણનો પણ સમાવેશ થાય છે.

## દૂરંદેશી નિવેદન (વિઝેન સ્ટેટમેન્ટ)

એક એવું ભારત કે જ્યાં બધાં લોકોના લાભ માટે બૌદ્ધિક સંપત્તિ દ્વારા સર્જનાત્મક્તા અને નવીનીકરણને ઉત્તેજના મળતી હોય; એક એવું ભારત જ્યાં બૌદ્ધિક સંપતિ એ વિજ્ઞાન અને તકનિકી, કલા અને સાહિત્ય, પરંપરાગત જ્ઞાન અને જૈવિક વિવિધતાયુક્ત સંશાધનોમાં પ્રગતિને પ્રોત્સાહન આપતી હોય; એક એવું ભારત કે જેમાં જ્ઞાન એ વિકાસનું મુખ્ય ચાલકબળ હોય, અને જે જ્ઞાનની માલિકી હોય તેનું વહેંચાયેલા જ્ઞાનમાં પરિવર્તન થતું હોય.

## ધ્યેયોચિત નિવેદન (મિશન સ્ટેટમેન્ટ)

ભારતમાં આવું કરવા માટે એક ગતિશીલ, વાઈબ્રન્ટ અને સંતુલિત બૌદ્ધિક સંપત્તિના અધિકારોના તંત્રને કાર્ય પ્રવૃત્ત કરવું.

- સર્જનાત્મકતા અને નવીનીકરણનું સંવર્ધન કરવું અને પરિણામસ્વરૂપે, ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવું તથા સામાજિક–આર્થિક સાંસ્કૃતિક વિકાસમાં વધારો કરવો, અને
- મહત્ત્વના સામાજિક, આર્થિક અને ટેક્નોલોજીની દષ્ટિએ મહત્ત્વના અન્ય ક્ષેત્રોની વચ્ચે, સ્વાસ્થ્ય સંભાળ, ખાદ્ય સુરક્ષા અને પર્યાવરણ સુરક્ષા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવું.

## હેતુઓ

આ રાષ્ટ્રીય નીતિ સાત હેતુઓ પૂરા પાડે છે જેને સંલગ્નમાં મંત્રાલય / વિભાગ દ્વારા હાથ ધરવાના પગલાંઓ સાથે વિસ્તૃત રીતે સમજાવવામાં આવેલ છે. તેનો અમલ કરાવનાર અથવા કેન્દ્રસ્થ મંત્રાલય / વિભાગે બાકીના બધાંજ હિતધારકો, જેમાં મંત્રાલયો / વિભાગોનો પણ સમાવેશ થાય છે. તેમની સાથે સંકલન કરીને એ હેતુઓને પાર પાડવા તરફ કામગીરી કરવી જોઈએ.

## હેતુ 1: IPR અંગે જાગૃતિ : પ્રસાર અને પ્રોત્સાહન – સમાજના દરેક વિભાગોમાં IPRsના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક લાભો અંગે જાહેર જાગૃતિનું સર્જન કરવું.

21મી સદી એ જ્ઞાનનો યુગ છે અને તેને જ્ઞાનસભર અર્થતંત્ર ચલાવે છે, જે તેની વૃદ્ધિ અને વિકાસ માટે જ્ઞાનનું સર્જન કરે છે. પ્રસાર કરે છે અને તેનો ઉપયોગ કરે છે. પરંપરાગત રીતે, ભારતમાં ક્યારેય પણ જ્ઞાનના મુદ્રીકરણનો રિવાજ જ રહ્યો નથી. આવું હોવું એ પ્રશંસનીય એ પરમાર્થી છે ત્યારે, આ રીત એ ઉત્સાહભરી રીતે સંરક્ષિત વૈશ્વિક IPRsના શાસનમાં બંધબેસતી નથી. તેથી, જ્ઞાનનું IP મિલ્કતોમાં રૂપાંતર થાય એના મૂલ્યનો પ્રસાર કરવો જરૂરી છે.

આના માટે જ્ઞાનને કઈ રીતે જોવામાં આવે છે અને તેનું મૂલ્ય કઈ રીતે કરવામાં આવે છે એ અંગે નોંધપાત્ર ફેરફાર કરવાની જરૂર છે. તે શું છે તેના માટે નહીં, પરંતુ તું તે શું બની શકે છે એ માટે.

કેટલાંય IP ધારકો તેમના IP અધિકારો અથવા તેમની પોતાની IP ના સર્જનની ક્ષમતાઓ અથવા તેમના આઈડિયાના મૂલ્ય વિશે જાગૃત હોતા નથી. તેઓ રક્ષા કરી શકાય તેવા IP અધિકારોના સર્જન માટે રહેલી પ્રક્રિયાની જટીલતાથી ઘણીવખત હતોત્સાહ થઈ જાય છે. તેનાથી વિપરિત રીતે, તેઓ કદાચ બીજાઓના IP

અધિકારો અંગે જાગૃત ના હોય અને તેને સન્માનવા પ્રત્યે જાગૃત ના હોય તેવું પણ બને છે.

આ નીતિએ બંન્ને દૃષ્ટિકોણ અંગે પ્રસાર અને પ્રોત્સાહનના કાર્યક્રમો દ્વારા સમાધાન લાવવા તરફ કાર્ય કરે છે. IPRsના લાભો અને તેના અધિકાર–ધારકો તેમજ જાહેરજનતા માટે રહેલાં મૂલ્ય વિશે જાગૃતિ વધારવાના ધ્યેય સાથે એક પ્રોત્સાહનના રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમને શરૂ કરવો જ જોઈએ. આવો કાર્યક્રમ એક એવા વાતાવરણનું નિર્માણ કરશે જેમાં જાહેર અને ખાનગીક્ષેત્રોમાં, સંશોધન અને વિકાસકેન્દ્રોમાં, ઉદ્યોગ અને શૈક્ષણિક ક્ષેત્રમાં સર્જનાત્મક અને નવીનીકરણને ઉત્સાહિત કરવામાં આવે, જેના લીધે જેનું વાણિજ્યકરણ થઈ શકે તેવા સંરક્ષી શકાયતેવા IPનું સર્જન થઈ શકે.

જાહેરમાં નહીં દેખાતાં IP સર્જકો અને ધારકો, ખાસ કરીને ગ્રામ્ય અને દૂરના વિસ્તારોમાં રહેતાં હોય તેવા લોકો સુધી પહોંચવું પણ આવશ્યક છે. ભારતના ભૌગોલિક સૂચકાંકો, પરંપરાગત જ્ઞાન, જનીનસંબંધી સંશાધનો, પરંપરાગત સાંસ્કૃતિક અભિવ્યક્તિઓ અને લોકસાહિત્ય જેવા સમૃદ્ધમાં સાંસ્કૃતિક સંબંધી જાૃતિના સર્જન પર ભાર મુકવામાં આવશે.

વ્યક્તિઓ અને સમુદાયો માટે રહેલાં તાત્કાલિક આર્થિક તર્ક, તેમજ નવીનતાસભર રહેવામાં રહેલ ગૌરવ અંગે, જાહેરજનતા સુધી અસરકારક કરી તે સંવાદ થવો જોઈએ આ કાર્યક્રમનો ભેરીનાદ આસાકલ્યવાદી સૂત્ર દ્વારા ગુંજશે. **“Creative India; Innovative India: रचनात्मक भारत; अभिनव भारत’ : રચનાત્મક ભારત; અભિનવભારત”.**

આ હેતુને પાર પાડવા માટે લેવાના પગલાઓની રૂપરેખા નીચે આપવામાં આવેલી છે:

**1.1.** રાષ્ટ્રીયસૂત્ર “રચનાત્મક ભારત; અભિનવભારત”ને અપનાવો અને ઇલેક્ટ્રોનિક, પ્રિન્ટ અને સોશિયલ મીડિયા પર તેની સાથે સંકળાયેલ અભિયાનની શરૂઆત કરો, તેને “મેક ઈન ઇન્ડિયા”, “ડિઝીટલ ઇન્ડિયા”, “સ્કીલ ઇન્ડિયા”, “સ્ટાર્ટઅપ ઇન્ડિયા”, “સ્માર્ટ સિટીઝ” જેવા અભિયાન તેમજ ભવિષ્યમાં શરૂ થનારા અન્ય અભિયાન સાથે જોડો;

**1.2.** બધાંજ હિતધારકો સાથે IPના મૂલ્ય અને લાભો અંગે સંવાદ કરીને ભારતની IP શક્તિઓના પ્રોત્સાહન માટેના એક અભિયાનનું સર્જન કરવા માટે આ પ્રમાણે કરો:

**1.2.1.** ઉદ્યોગો, MSMEs સ્ટાર્ટઅપ, સંશોધન અને વિકાસ સંસ્થાઓ, વિજ્ઞાન અને તકનીકિ સંસ્થાઓ, વિશ્વવિદ્યાલયો અને મહાવિદ્યાલયો, શોધકર્તાઓ અને સર્જકો, ઉદ્યોગસાહસિકોની ખાસ વૈયક્તિક જરૂર પ્રમાણે કાર્યક્રમોનું આયોજન કરવું.

**1.2.2.** જાહેરમાં ઓછા દેખાતા IP સર્જકો અને ધારકો, ખાસ કરીને ગ્રામ્ય અને દૂરના વિસ્તારોમાં રહેતાં હોય તેમના સુધી ખાસ તેમની જરૂરીયાતો અને ચિંતાઓને લક્ષમાં રાખીને સર્જન કરવામાં આવેલ અભિયાન દ્વારા પહોંચવું. તેમાં નાના ધંધાદારીઓ, ખેડૂતો / વિવિધ પ્રકારના છોડનો ઉપયોગ કરનારાઓ, પરંપરાગત જ્ઞાનના ધારકો, પરંપરાગત સાંસ્કૃતિક અભિવ્યક્તિઓ અને

લોકસાહિત્ય, ડિઝાઈનરો અને શિલ્પકારો કે કારીગરોનો સમાવેશ થશે;

1.2.3. સંબંધિત મુખ્ય પ્રવાહોમાં મૂલ્યના સર્જન માટે અભિયાનોમાં IPRsના સફળતાપૂર્વક થયેલા ઉપયોગોનો (Casc Studies) સમાવેશ કરવો;

1.2.4. ઉચ્ચગુણવત્તા અને વાજબી–કિંમતની શોધના આઈડિયાને ચોક્કસ ભારતીય આવડત તરીકે પ્રસારિત અને પ્રોત્સાહિત કરવું જેના પરિણામે સ્પર્ધાત્મક લાભ મળે;

1.2.5. ભારતમાં IPના મહત્ત્વ અને જાગૃતિના પ્રચાર માટે વિખ્યાત હસ્તીઓને 'રાજદૂત' તરીકે સાંકળવા;

1.2.6. પ્રચાર–પ્રસાર માટે પ્રિન્ટ / ઇલેક્ટ્રોનિક / સોશિયલ મીડિયામાં દશ્ય / શ્રાવ્ય સામગ્રીઓનો ઉપયોગ કરવો;

1.2.7. એવા હરતાં–ફરતાં પ્રદર્શનો (ઉદારણ તરીકે એક થીમ સાથેની ટ્રેઈન જે સમગ્ર રાષ્ટ્રમાં, રોડ શો કરતી ફરે)નું સર્જન કરવું જે ભારતના બધાંજ ભાગોમાં પરિવહન કરી શકે;

1.2.8. IP ના પ્રચારની સામગ્રીને બહુવિધ ભાષાઓમાં તૈયાર કરવી અને જે લોકો વાંચી શકતા ના હોય તેમના માટે ચિત્રના સ્વરૂપમાં સર્જન કરવું.

1.2.9. જાહેર પ્રચાર–પ્રસારના કાર્યક્રમોની ડિઝાઈન બનાવવા અને શરૂ કરવા માટે અન્ય દેશોમાંની શ્રેષ્ઠ પ્રણાલિ અને સફળ થયેલાંની વાર્તાઓનો અભ્યાસ કરવો.

1.3. ખાસ કરીને ઉદ્યોગ અને સંશોધન તથા વિકાસના એકમોને લક્ષમાં રાખીને જાગૃતિના કાર્યક્રમોના સર્જન માટે આ પ્રમાણે કરો:

1.3.1. વૈજ્ઞાનિકો / સંશોધકોને તેમની શોધોને તેઓ પ્રકાશિત કરે એ પહેલાં જ તેમની શોધીને સંરક્ષિત કરવાની રહેલી જરૂર અંગે ઊંડાણપૂર્વકની સમજ પૂરી પાડવી;

1.3.2. IPના સર્જનની પ્રક્રિયા અને તેના પરિણામે સર્જાતા મૂલ્યને રેખાંકિત કરતાં અભિયાનોના સર્જન માટે જાહેરભંડોળ મેળવતી સંશોધન માટેની સંસ્થાઓ અને ખાનગી ક્ષેત્રોને સાંકળવા;

1.3.3. બહુરાષ્ટ્રીય કોર્પોરેશનો અને કોર્પોરેટ એકમોને તેમના કર્મચારીઓ માટે IP કાર્યક્રમો વિકસાવવા માટે અને જાહેરજનતા દ્વારા તેનો સ્વીકાર થાય એ રીતે તેનો પ્રચારપ્રસાર કરવા માટે પ્રોત્સાહિત કરવા;

1.3.4. IPના વિકાસ અને સુરક્ષા MSMEs માટે માટે રહેલાં ખાસ સહાયતા માટેના તંત્રને રેખાંકિત કરતી સામગ્રીનું સર્જન કરવું.

1.4. IPના મહત્ત્વ પર ભાર મુકવા માટે સારી રીતે પ્રચાર પામેલ ખાસ ઘટનાક્રમો અને કાર્યક્રમોનું સર્જન કરવા આ પ્રમાણે કરો:

1.4.1. ઉદ્યોગ એકમો, વિશાળ કોર્પોરેશન્સ અને સંશોધન તથા વિકાસની સંસ્થાઓ અને ઉચ્ચશિક્ષણ

સંસ્થાઓમાં સાથે આવા કાર્યક્રમો માટે ભાગીદારી કરવી, અને નવીનીકરણ, સર્જનાત્મકતા અને IPના મ્યુઝિયમ (ઓ)ની સ્થાપનાને વિચારણા હેઠળ લેવાં.

1.4.2. રાજ્ય સરકારોની સહાયતાથી, નવીનીકરણ રિનોવેશન અને IP દિનની ઘોષણા કરાવવી, ખાસ કરીને મોટા ઔદ્યોગિક, અભિનવ અને વિશ્વવિદ્યાલયોના વિભાગોમાં; વિવિધ શહેરો અને સંસ્થાઓમાં 'વિશ્વ IP દિન"ની ઉજવણી કરો;

1.4.3. IP શોધકર્તાઓ અને સર્જકોની ઊજવણી કરવા માટે ભારતના 'કીર્તિસ્થંભો' (Hall of fame) ની સ્થાપના કરવી.

1.4.4. ખાસ ક્ષેત્રોમાં IPના સર્જનની પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવા માટે ઇનામો અને પુરસ્કારોને સંસ્થાગત કરવા.

1.5. આના માટે સાનુકૂળ અભ્યાસક્રમોનું સર્જન કરવું.

1.5.1. IP અધિકારોનાર મહત્ત્વ પર ભાર મૂકવા માટે બધાંજ સ્તરો પરની શૈક્ષણિક સંસ્થાઓ;

1.5.2. બધીજ કક્ષાના ઉપયોગકર્તાઓ માટે ઓનલાઇન અને દૂરશિક્ષા કાર્યક્રમો;

1.5.3. શાળાના અભ્યાસક્રમોમાં યોગ્યસ્તર પર IPRsનો સમાવેશ કરવો.

1.6. IP સંબંધિત મુદ્દાઓ માટે તેમને સંવેદનશીલ બનાવવા માટે મીડિયાને સંલગ્ન કરવું.

## હેતુ 2: IPRSનું સર્જન : IPRS ના સર્જનને ઉત્સાહિત કરવા માટે

IPફાઈલીંગની પ્રોફાઈલ અને રજિસ્ટ્રેશન્સ / ગ્રાન્ટ્સ એ માપદંડોમાંનો એક માપદંડ છે. જો કે એક દેશમાં IPના સર્જનની સ્થિતિ અને સંભાવનાનું આકલન કરવા માટે, તે માત્ર એક માત્ર જ માપદંડ નથી. ભારતમાં છેલ્લા થોડા વર્ષોમાં પેટન્ટની ફાઈલિંગની સંખ્યામાં વધારો થયો છે. પરંતુ ભારતીયો દ્વારા થતાં ફાઈલિંગની ટકાવારી આનુસંગિક રીતે ઓછી છે. ટ્રેડમાર્કના કિસ્સામાં ભારત એ વિશ્વના ટોચના પાંચ ફાઈલ કરનારા દેશોમાંનો એક દેશ છે, જેમાં બહુમતી ભારતીયો દ્વારા ફાઈલ કરવામાં આવે છે. ફાઈલ કરવામાં આવેલ ડિઝાઈન એપ્લિકેશન્સની સંખ્યા, ભારતમાં રહેલ બહોળી સંખ્યામાં ડિઝાઈન બનાવનારાઓ, શિલ્પકારો અને કલાકારોને ધ્યાનમાં લેતાં, કોઈપણ રીતે ભારતની ક્ષમતાની નજીક નથી. ભારતની સંશોધન અને વિકાસ સંસ્થાઓ, ઉદ્યોગ સાહસો અને ટેક્નિકલ સંસ્થાઓમાં એક વિશાળ સંખ્યામાં વૈજ્ઞાનિક અને તકનીકિ પ્રતિભાઓ ફેલાયેલી છે. આ ફળદ્રુપ જ્ઞાનના સંશાધનોને પ્રવાહિત કરને IP સંપત્તિઓના સર્જનને ઉત્સાહિત કરવાની જરૂર છે.

ભારત માટે GIs એ એક શક્તિ અને આશાવાદનો વિસ્તાર છે, જેમાં તેણે કેટલાંય હાથ બનાવટના અને ઉત્પાદિત કરેલાં ઉત્પાદોને સંરક્ષણ પૂરું પાડેલું છે, ખાસ કરીને અવિધિસરના ક્ષેત્રમાં આવું થયું છે. ભારતના અર્થતંત્રમાં કોપીરાઈટ આધારીત ક્ષેત્ર નોંધનીય રીતે ફાળો આપે છે અને તેની ભવિષ્યની ક્ષમતાઓ અતિશય ઉચ્ચ રહેલી છે. છોડની વિવિધતાઓ અને ખેડૂતોના અધિકારોના વિસ્તારમાં, ફાઈલિંગ અને રજિસ્ટ્રેશની સંખ્યા ઉત્સાહજનક છે.

પરંપરાગત જ્ઞાનને વિકસાવવાની, પ્રોત્સાહન આપવાની અને તેનો ઉપયોગ કરવાની વણવપરાયેલી ક્ષમતાઓ પડી છે. જે ભારતની એક બે જોડ દેણગી છે. આવા જ્ઞાનના ધારકોની સહભાગીતા સાથે પરંપરાગત જ્ઞાનને પ્રોત્સાહિત કરવા માટેની પ્રવૃત્તિઓ થવી જ જોઈએ. બધાંજ વિભાગોમાં એક વ્યાપક આધાર રેખાના સર્વેક્ષણ અથવા IP ઓડિટ કરવાથી ચોક્કસ ક્ષેત્રોમાં રહેલી સંભાવનાઓના આકલન અને મૂલ્યાંકન શક્ય બનશે. અને આ રીતે લક્ષ્યાંકીત કાર્યક્રમો બનાવીને અને તેનો અમલ કરીને આ વિશાળ તકોને ઝડપી શકાશે અને નવી તકનીકો, ઉત્પાદકો અને ઉકેલોને વિકસાવવામાં મદદ મળશે. તેમાં અન્ય પગલાંઓ ઉપરાંત, IPR સવલત કેન્દ્રો અને ઇન્ક્યુબેટર્સને વિસ્તારવાનો અને તેઓને મજબૂત બનાવવાનો પણ સમાવેશ થાય છે. સંશોધકો અને શોધકર્તાઓને રાષ્ટ્રીય અગ્રતાના વિસ્તારોમાં સવલત પૂરી પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. કોર્પોરેટક્ષેત્રને પણ IPRsના સર્જન અને તેના ઉપયોગ કરવા માટે ઉત્સાહિત કરવું જરૂરી છે. શૈક્ષણિક સંસ્થાઓ, ખાસ કરીને વિશ્વવિદ્યાલયો, કાયદા અને તકનિકી માટેની સંસ્થાઓમાં તેમના શૈક્ષણિક અભ્યાસક્રમના ભાગરૂપે IPRને દાખલ કરવું આવશ્યક છે. IPR ના શાસનના લાભો બધાંજ રોકાણકારો, ખાસ કરીને MSMEs ને, સ્ટાર્ટઅપને અને પાયાના રોકાણકારોને મળી રહે એ રીતનું તંત્ર બનાવવા માટેના પગલાં લેવા જરૂરી છે.

આવા લક્ષ્યાંકિત ઉપયોગકર્તાઓ દ્વારા ફાઈલિંગને ઉત્સાહિત કરવા માટે કદાચ આંતરીક રાહતો પૂરી પાડી શકાય. આમાં કદાચ IPRના સર્જનથી તેના વાણિજ્યકરણ સુધીની સમગ્ર મૂલ્યવાન શ્રેણી માટે, ઘરેલું IPRના ફાઈલિંગમાં સવલત પૂરી પાડવાનો સમાવેશ થઈ શકે છે. વિવિધ કાયદાઓ હેઠળ કરવેરાના લાભો આપીને સંશોધન અને વિકાસને પ્રોત્સાહિત કરવાની જરૂર છે. જે પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ કરવેરાના લાભો મેળવવા માટેની પ્રક્રિયાને સાદી બનાવીને કરી શકાય છે. ટ્રેડિશનલ નોલેજ ડિઝીટલ લાઈબ્રેરી (TKDL)ની ક્ષેત્ર–મર્યાદામાં પણ, તેનો સંશોધન અને વિકાસના કાર્યો માટે ઉપયોગ કરવાના રસ્તાઓ શોધીને વિસ્તાર કરવો જોઈએ.

આ હેતુ પાર પાડવા માટે લેવાના જરૂરી પગલાંઓની રૂપરેખા આ પ્રમાણે છે:

2.1. સર્જનાત્મકતા અને નવીનીકરણના મૂલ્યનો પ્રચાર–પ્રસાર કરવા માટે 'રચનાત્મક ભારત; અભિનવભારત" અભિયાનનો ઉપયોગ કરો અને પરિણામે તેના લાભો જાહેર જનતા સુધી પહોંચાડો; જ્ઞાનના સર્જનને અને IP દ્વારા તેને લાગુ પાડવાને પ્રોત્સાહિત કરે તેવી મન:સ્થિતિ અને સંસ્કૃતિનું સર્જન કરવા માટે;

2.2. વિવિધ ક્ષેત્રોમાં હિતધારકોના સહકારની સાથે એક વ્યાપક ઓડિટ કરીને અથવા આધાર રેખા સર્વેક્ષણ કરીને શક્તિના અને સંભાવનાઓના વિસ્તારોનું આકલન અને મૂલ્યાંકન કરવું, શોધકર્તાઓ અને સર્જનકારોના લક્ષ્યાંકિત સમૂહોને અગ્રતા આપવી, તેમની જરૂરીયાતો સંતોષવા માટે ચોક્કસ કાર્યક્રમનો વિકાસ કરવો, તેમને IP સંપત્તિઓના સર્જન કરવા માટે સક્ષમ બનાવવા માટે સંશાધનો પૂરા પાડવા અને તેમના પોતાના તથા સામાજિક લાભો માટે તેનો ઉપયોગ કરવો;

2.3. અર્થતંત્ર, રોજગારી, નિકાસો અને તકનિકોના સ્થાનાંતરણ (Technology Transfer) પર પ્રભાવ ચકાસવા માટે વિવિધ ઉદ્યોગોમાં IP સામગ્રીના યોગદાનનું મૂલ્યાંકન કરવા માટેના અભ્યાસો હાથ

ધરાવાય.

2.4. નેશનલ રીસર્ચ લેબોરેટરીઝ, વિશ્વવિદ્યાલયો, તકનીકિ સંસ્થાઓ અને અન્ય સંશોધન કરનારાઓ બૌદ્ધિક સંપત્તિના અધિકારોની સંપાપ્તિમાં સવલત કરી આપીને અને તેને ઉત્સાહિત કરીને તેમના IPR પરિણામોને સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવું.

2.5. જાહેર ભંડોળ મેળવતી શૈક્ષણિક અને સંશોધન તથા વિકાસની સંસ્થાઓમાં સંશોધન કરનારાઓને તેના સંશોધન માટેના ભંડોળ પૂરા પાડીને અને તેમની કારકિર્દીમાં પ્રગતિ આપીને તેમને IPR સર્જન માટે ઉત્સાહિત કરો:

2.6. સંસ્થાઓ અને વ્યક્તિગત સંશોધન કરનારાઓ અને શોધકર્તાઓ વચ્ચે રોયલ્ટીની વહેંચણી માટેની એકસમાન માર્ગ રેખા રાખીને જાહેર ભંડોળ મેળવતી શૈક્ષણિક અને સંશોધન તથા વિકાસની સંસ્થાઓમાં સંશોધન કરનારાઓની પ્રોત્સાહન આપો;

2.7. જાહેરભંડોળ મેળવતી સંશોધન તથા વિકાસની સંસ્થાઓ તેમજ તકનીકિ સંસ્થાઓમાં IPના સર્જનને એક ચાવીરૂપ માપદંડ તરીકે રાખો, અને ધીરે–ધીરે આવું મૂલ્યાંકન ટાયર–1 થી ટાયર–2 ની સંસ્થાઓ સુધી વિસ્તારો;

2.8. સંશોધન કરનારાઓ અને શોધકર્તાઓને રાષ્ટ્રીય અગ્રતાઓ પર ધ્યાનકેન્દ્રિત કરવા માટે માર્ગદર્શન પૂરું પાડો. ઉદાહરણ તરીકે ઊર્જા અને ખાદ્યસુરક્ષા, સ્વાસ્થ્ય સંભાળ અને ખેતી, તેમજ ખાસ ક્ષેત્રો જેમ કે બાયોટેકનોલોજી, ડેટા એનાલિટિક્સ, નેનોટેકનોલોજી, નવી સામગ્રીઓ અને ICT;

2.9. જાહેર ભંડોળ મેળવતી સંશોધન તથા વિકાસની સંસ્થાઓ અને ઉદ્યોગોને અવગણવામાં આવેલા રોગો માટે પરવડે તેવી કિંમતની દવાઓ વિકસાવવા માટે પ્રોત્સાહિત કરો;

2.10. કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઇન્ડસ્ટ્રીયલ રિસર્ચ (CSIR) દ્વારા રોગોને અટકાવ, નિદાન અને સારવાર માટે થતી નવી શોધો, ખાસ કરીને એવા રોગો કે જેઓ જીવલેણ હોય અને જે ભારતમાં મોટા પ્રમાણમાં થતાં હોય તેમના માટે ઓપન સોર્સ ડ્રગ ડિસ્કવરી (OSDD) જેવી મુક્તસ્રોતની શોધો સહિત સંશોધન તથા વિકાસને પ્રોત્સાહિત કરો;

2.11. ખાસ કરીને ઔદ્યોગિક અને શોધ કરનાર વિશ્વવિદ્યાલયોના વિભાગોમાં IP સવલત પૂરી પાડતા કેન્દ્રોને કેન્દ્રસ્થબિંદુ તરીકે સ્થાપો અને તેને મજબૂત બનાવો;

2.12. એકબીજા સાથે વિચારોના ફલિકરણ (Crose Fertilisation) માટે ઉદ્યોગ–શૈક્ષણિક જગત વચ્ચેના સંવાદમાર્ગનું સર્જન કરીને પ્રોત્સાહન આપો અને સંયુક્ત રીતે ઓળખી કાઢવામાં આવેલ વિસ્તારોમાં IPR ચાલિત સંશોધન અને નવીનીકરણને પ્રોત્સાહન આપો;

2.13. ભારતીય અને વિદેશીએ બન્ને પ્રકારના એવા વિશાળ કોર્પોરેશનો કે જેઓ ભારતમાં IPRsના સર્જન, સંરક્ષણ અને ઉપયોગ કરવા માટે સંશોધન અને વિકાસના કાર્યો હાથ ધરતાં હોય તેમને

ઉત્તેજિત કરો;

2.14. સર્જકો માટે કોપીરાઇટના મૂલ્ય, તેના આર્થિક અને નૈતિક અધિકારોની દૃષ્ટિએ રહેલાં મહત્ત્વ અંગે જાગૃતિને વધારો;

2.15. IPR ના ઘરેલુ ફાઈલિંગને સવલત પૂરી પાડવાની યોજનાઓ સહિત, IPRના સર્જનથી તેના વાણિજ્યક સુધીની IPના સર્જનની સમગ્ર શ્રેણીમાં સંકળાયેલ પડતર કિંમતોમાં ઘટાડો લાવવા માટે MSMEs, સ્ટાર્ટ–અપ્સ અને પાયાના શોધકર્તાઓ માટે એક સહાયક તંત્ર પ્રસ્તુત કરો;

2.16. નીચે દર્શાવેલ પગલાંઓ સહિત, સંશોધન અને વિકાસને પ્રોત્સાહિત કરવા માટે રાહતોને ધ્યાનમાં લો:

2.16.1. પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ કરવેરાના લાભો મેળવવા માટેની પ્રક્રિયાને સાદી બનાવીને, વિવિધ કાયદાઓ હેઠળ ઉપલબ્ધ કરવેરાના લાભો દ્વારા સંશોધન અને વિકાસને પ્રોત્સાહિત કરો;

2.16.2. જાહેર ભંડોળ દ્વારા થયેલ સંશોધનમાંથી સર્જન પામેલ IPRs આધારિત ઉત્પાદોના વેચાણ અને નિકાસ માટે એક મર્યાદિત સમયગાળા માટે નાણાકીય સહાયને ધ્યાનમાં લો;

2.16.3. સ્ટાર્ટ–અપ્સને પ્રોત્સાહિત કરવા માટે અને વાણિજ્યકરણમાં યથાર્થ નિષ્ફળતાના જોખમને આવરીત કરવા માટે IPRsને જામીનગીરી–યોગ્ય સંપત્તિ ગણીને એક અસરકારક અને સરળ લોન બાહેંધરીની યોજનાનું સર્જન;

2.17. મુક્ત સંશોધનની સંસ્કૃતિ ફૂલેફાલે એ માટે કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલીટીના એક ભાગરૂપે "જાહેર સંશોધન અને વિકાસના એકમોને ભંડોળ પૂરા પાડવા"ને પ્રોત્સાહન આપો;

2.18. ગ્રીન ટેકનોલોજીસ અને ઊર્જાના કાર્યક્ષમ ઉપયોગ કરતાં સાધનના ઉત્પાદનમાં IPRsના સર્જન માટે ખાસ રાહતો પૂરી પાડો;

2.19. આયુર્વેદ, યોગ, યુનાની અને સિદ્ધાની સાથે સાથે અન્ય ક્ષેત્રોને સાંકળવા માટે ટ્રેડિશનલ નોલેજ ડિઝીટલ લાઈબ્રેરી (TKDL)ની ક્ષેત્રમર્યાદા પણ વિસ્તારવી જ જોઈએ.

2.20. વધુ સંશોધન અને વિકાસ માટે જાહેર સંશોધન માટેની સંસ્થાઓને TKDL સુધી પહોંચની પરવાનગી આપવી જોઈએ. તેની સાથે સાથે ગેર–ઉપયોગ ના થાય તે માટેના સુરક્ષાના પગલાં લેવામાં આવ્યા હોય તો, કદાચ ખાનગી ક્ષેત્રો દ્વારા વધુ સંશોધન અને વિકાસ માટે તેઓ TKDL નો ઉપયોગ કરી શકે તેવી સંભાવના પણ તપાસવી જોઈએ;

2.21. પરંપરાગત જ્ઞાનની અખંડિતતા સંરક્ષિત રહે તેવી સંભાળ લઈને તથા સમુદાયોના પરંપરાગત રીતે જીવનજીવવાના માર્ગો સાથે કોઈ સમાધાન નહીં થાય તેવી કાળજી લઈને, મૌખિક પરંપરાગત જ્ઞાનને દસ્તાવેજીત કરવું જોઈએ.

2.22. ખાસ કરીને વિશ્વવિદ્યાલયો, કાયદા અને તકનીકિ સંસ્થાઓ જેવી શૈક્ષણિક સંસ્થાઓના શૈક્ષણિક

પાઠ્યક્રમના ભાગરૂપે IPRsને પ્રસ્તુત કરવું.

2.23. આંતરરાષ્ટ્રીય તંત્રો અને સંધિઓ (ઉદાહરણ તરીકે PCT, મેડ્રિડ, હેગ) અંગે જાગૃતિમાં વધારો કરવો જેથી વૈશ્વિક બજારોમાં ભારતીય વ્યક્તિઓ દ્વારા IPRsના સર્જન અને સંરક્ષણને પ્રોત્સાહન આપી શકાય;

2.24. બધાંજ સ્તરો પર વિદ્યાર્થીઓ દ્વારા IPના સર્જન અને ઉપયોગ માટે તેઓને પ્રોત્સાહિત કરો અને રાહતો આપો, IPના મૂલ્યની પ્રશંસા (ap Preciation) કરવાના વલણને કેળવવા માટે જાગૃતિના કાર્યક્રમો અને શૈક્ષણિક સામગ્રીઓનો ઉપયોગ કરો;

2.25. ઉચ્ચ ટકાઉ ખેત ઉત્પાદન માટે IPના ઉપયોગ દ્વારા ખેતી અને મત્સ્યપાલન ક્ષેત્રમાં શોધખોળોને પ્રોત્સાહિત કરો;

2.26. સહાયક સંસ્થાઓ મારફત જીઓગ્રાફિકલ ઇન્ડિકેશન્સ (GIs)ના રજીસ્ટ્રેશનને પ્રોત્સાહિત કરો; ગુણવત્તાના સ્વીકાર્ય ધોરણોને વ્યાખ્યાયિત કરવા અને જાળવી રાખવા, તથા વધુ સુધારી વેચાણ ક્ષમતા પૂરી પાડવા માટે GI પ્રક્રિયાને સહાય કરો;

2.27. ડિઝાઇનરોને તેમની ડિઝાઇનનો ઉપયોગ કરવા અને તેમાંથી લાભ મેળવવા માટે શિક્ષિત કરીને અને ડિઝાઇનના કાયદા હેઠળ સંરક્ષણ પામી શકે તેવા શોધના પાસાઓને ઓળખી કાઢી, પોષણ આપીને અને પ્રોત્સાહિત કરીને ડિઝાઇનના સર્જનને પ્રોત્સાહિત કરીને ડિઝાઇન સંબંધિત IPના સર્જનને પ્રોત્સાહિત કરવું; એ NIDs, NIFTs અને અન્ય સંસ્થાઓને સંવેદનશીલતાના સર્જન માટેના અભિયાનોમાં સાંકળવા;

2.28. ભારતમાં સાઈબર સુરક્ષાને સંબંધિત હોય તેના સહિતની, ICT ટેકનોલોજીસ માટે ના સર્જનને પ્રોત્સાહિત કરવામાં આવશે;

2.29. ઘરેલું પેટન્ટની અરજીઓમાં વધારો કરવા માટે પગલાં લેવા;

2.30. ભારતના પરંપરાગત જ્ઞાનના સમૃદ્ધ વારસાને આવું જ્ઞાન ધરાવતા ધારકોના અસરકારક જોડાણ અને સહભાગિતા દ્વારા પ્રોત્સાહિત કરો. પરંપરાગત જ્ઞાનના ધારકોને તેઓએ આપણી સંસ્કૃતિના ઉદયના સમયથી જેને ઉછેરેલ છે તેવા જ્ઞાનને આગળ ધપાવવા માટે જરૂરી સહાય અને રાહતો પૂરી પાડવામાં આવશે.

## હેતુ 3: કાયદાકીય અને ધારાકિય માળખું IPRના મજબૂત અને અસરકારક: કાયદા બનાવવા,જેનાથી અધિકારની માલિકી ધરાવનારાઓના હિતની સાથે વ્યાપક જાહેરહિતને સંતુલિત કરી શકાય.

એ હકિકત સારી રીતે સ્વીકૃત છે કે એક મજબૂત અને સંતુલિત કાયદાકીય માળખું નવીનીકરણના સતત પ્રવાહને પ્રોત્સાહિત કરે છે અને એક જ્ઞાન આધારીત ગતિશીલ અર્થતંત્ર માટેની પાયાની જરૂરિયાતોમાંની એક જરૂરીયાત છે.

ભારત એ વાતને ઓળખી કાઢે છે કે તેના લોકોની સર્જનાત્મક અને નવીનીકરણ માટેની ક્ષમતાઓના ઇષ્ટતમ ઉપયોગ કરવા માટે IP અધિકારોનું અસરાકરક સંરક્ષણ આવશ્યક છે. ભારત રાષ્ટ્રીય જરૂરીયાતો અને આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતાઓને ધ્યાનમાં લઈને ઘડેલા કાયદાઓનો એક લાંબો ઇતિહાસ ધરાવે છે. TRIPS એ કરાર બાદ પ્રવર્તમાન કાયદાઓને કાં તો અમલમાં લાવવામાં આવેલ અથવા તેનું પુન: ઘડતર કરવામાં આવેલ અને તેઓ તેની સાથે પૂર્ણ સંવાદિતતા ધરાવે છે. આ કાયદાઓ વિવિધ ન્યાયિક ચુકાદાઓની સાથે IPRsને પ્રોત્સાહિત કરવા માટે એક સ્થિર અને અસરકારક કાયદેસરનું માળખું પૂરું પાડે છે. ભારત જ્યારે TRIPS જેવા કરારો અને સંધિઓમાં રચનાત્મક રીતે વાટાઘાટો કરવામાં સક્રિય છે ત્યારે ભારત આંતરરાષ્ટ્રીય સંધિઓમાં ઉપલબ્ધ જગ્યા સાથે સ્થિતિસ્થાપકતાનો ઉપયોગ કરવાનું ચાલુ રાખશે. TRIPS કરાર અને જાહેર સ્વાસ્થ્ય પરની દોહા ખાતેની ઘોષણા પ્રત્યે ભારત પ્રતિબદ્ધ રહેવાનું ચાલુ રાખશે.

સાથે સાથે, ભારત તેના પરંપરાગત ઔષધિય જ્ઞાનથી સમૃદ્ધ છે જે આપણા દેશમાં વિવિધ પ્રકારના સ્વરૂપોમાં અસ્તિત્વ ધરાવે છે. તેઓમાં આયુર્વેદ, યોગા અને નેચરોપથી, યુનાની, સિદ્ધ, સોવા–રિગ્પા અને હોમિયોપેથી જેવા સુવિકસિત તંત્રોમાં ભરપૂર આર્થિક મૂલ્ય રહેલું છે. આવા જ્ઞાનને તેના દૂર ઉપયોગ થવાની સામે સંરક્ષણ આપવું એ મહત્ત્વનું છે, પછી તે મૌખિક હોય કે કોડના સ્વરૂપમાં હોય, તેની સાથે સાથે માનવજાતના લાભ માટે પરંપરાગત જ્ઞાનના વિકાસ માટે જરૂરી જગ્યા અને વાતાવરણ પૂરું પાડવું જરૂરી છે.

બદલાઈ રહેલાં અને ગતિશીલ એવા જ્ઞાનના ક્ષેત્રમાં પ્રવર્તમાન કાયદાઓની પહોંચ અંગે ભવિષ્ય વાણી કરવી અઘરી છે. જરૂરી ધારાકીય સુધારા કરવા જરૂરી બની જાય છે. જે કદાચ સમયમાંતરે જરૂરી બને. આ હેતુ માટે રાષ્ટ્રની જરૂરિયાતો અને અગ્રતાઓની સાથે સંવાદિત રાખીને આ કાયદાઓને અદ્યતન રાખવા માટે હિતધારકો સાતે પરામર્શ થવો જોઈએ.

IPના કાયદાઓના સંચાલન અને અમલ કરવામાં પારદર્શિતા અને કાર્યક્ષમતા વધારવા માટે કદાચ એ કાયદાકીય માળખાનો પણ ઉપયોગ કરવામાં આવે.

આ હેતુને પાર પાડવા માટે લેવાના જરૂરી પગલાંઓની રૂપરેખા નીચે પ્રમાણે છે:

3.1. હિતધારકોની સાથે પરામર્શ કરીને, જો કોઈ જરૂર હોય તો, પ્રવર્તમાન IPના કાયદાની સમીક્ષા કરવી, જ્યાં પણ જરૂરી લાગે ત્યાં, તેને અદ્યતન બનાવવા અને તેને સુધારવા અથવા તેમાં રહેલી અસંગતિઓ

અને અસાતત્યતાને દૂર કરવી;

3.2. હિતધારકોની સાથે પરામર્શ કરીને આંતરરાષ્ટ્રીય સંધિઓ અને કરારોમાં વાટાઘાટો કરવા માટે રચનાત્મક રીતે જોડાઓ; જે ભારતના હિતમાં હોય તેવી અમુક બહુપરિમાણીય સંધિઓ સાથેન જોડાણ પરિક્ષણ કરો; અને એવી સંધિઓમાં સહી કરનાર બનો જેને ભારતે વાસ્તવિક રીતે કાર્યાન્વિત કરેલ છે જેથી તેમની નિર્ણય લેવાની પ્રક્રિયામાં એક ભાગ બની શકાય;

3.3. પરંપરાગત જ્ઞાન (TK), જનીન સંબંધી સંશાધનો (GR) અને પરંપરાગત સાંસ્કૃતિક અભિવ્યક્તિઓ (TCE)નું સંરક્ષણ કરવા માટે કાયદેસર રીતે બંધન કરનાર બને એ રીતના આંતરરાષ્ટ્રીય સાધનનો વિકસાવવા માટે વિવિધ આંતર-રાષ્ટ્રીય મંચો પર સક્રિય અને રચનાત્મક રીતે સંલગ્ન રહેવાનું ચાલુ રાખો;

3.4. પર્યાવરણમાં ફેરફારને અનુરૂપ પ્રવૃત્તિઓને સહાય કરવા માટે અને GHGsના માનવસર્જિત ઉત્સર્જનોને ઘટાડવા જેવા હેતુઓ પૂરા કરવા માટે, UNFCCCની ધારા 4ની જોગવાઈ મુજબ, વિકસીત દેશો પાસેથી ભારતને સ્વચ્છ ટેકનોલોજી અને તે અંગેના જ્ઞાનનું સ્થાનાંતરણ થાય તે માટેના પ્રયત્નો કરવા;

3.5. IP અધિકારોના અમલ અને સંચાલનમાં સ્પષ્ટતા, સાદગી, એકરસતા, પારદર્શકતા અને સમયબદ્ધ પ્રક્રિયાઓ લાવવા માટે IP સંબંધિત નિયમો, માર્ગરેખાઓ, પ્રક્રિયાઓ અને પ્રણાલીઓની સમીક્ષા કરાવી અને તેને અદ્યતન બનાવવા;

3.6. TK, GR TCEને સંરક્ષવા માટેના પ્રવર્તમાન કાયદાઓને લાગુ કરવાની હદો અને તેની યોગ્યતાને નક્કી કરવા માટે એક ઊંડાણસભર અભ્યાસ હાથ ધરવો, અને જો જરૂર હોય તો, તેમાં ફેરફારોની દરખાસ્ત કરવી;

3.7. ઇન્ડિયન સિનેમેટોગ્રાફી એક્ટ, 1952ને ફિલ્મોની ગેરકાયદેસરની નકલો સામે સજાની જોગવાઈ ઉમેરવા માટે કદાચ સાનુકૂળ રીતે સુધારી શકાય;

3.8. આગળની નીતિના વિકાસ માટે અભ્યાસ અને સંશોધનના મહત્ત્વના વિસ્તારોને ઓળખી કાખવા, જેમ કે (આ યાદી એક સૂચક યાદી છે, અને સંપૂર્ણ યાદી નથી);

 3.8.1. IP કાયદાઓની વચ્ચે આંતરક્રિયા; અને IPના કાયદા અને બીજા કાયદાઓની વચ્ચે જેથી જો કોઈ હોય તો, રહેલી અસ્પષ્ટતાઓ અને અસાતત્યતાઓને દૂર કરી શકાય;

 3.8.2. સ્પર્ધાના કાયદા અને નીતિની સાથે IP અંતરાફલક;

 3.8.3. પેટન્ટ્સ અને જૈવવિવિધતા જેવા IPRsના સંચાલન અથવા અમલને અસર કરી શકે તેવી સત્તાઓના ન્યાયક્ષેત્રો અંગે માર્ગરેખાઓ;

 3.8.4. ધંધાદારી રહસ્યો (Trade Secrets) માટે સંરક્ષણ.

3.9. SEPsને સંબંધિત ટેકનોલોજીના સ્થાનાંતરણ, તેના વિશેની સમજ અને લાઈસન્સ આપવા અંગેની

બાબતોને ન્યાયિક અને વાજબી શરતો પર ચકાશવા અને જેમ જરૂરી લાગે તે રીતે, આ મુદ્દાઓના ઉકેલ માટે એક સાનુકૂળ માળખું પૂરું પાડવું.

## હેતુ 4: સંચાલન અને વ્યવસ્થાપન : IPR સંચાલનને સેવા–કેન્દ્રિત બનાવવા માટે આધુનિક અને મજબૂત બનાવવું.

વિવિધ પ્રકારના બૌદ્ધિક સંપત્તિના અધિકારોનું સંચાલન કરતાં કાર્યાલયો (IPO) એ કાર્યક્ષમ અને સંતુલિત IPR તંત્ર, કાયદાને અમલમાં લાવવા માટે, IP અધિકારોને મંજૂરી આપવા અથવા રજિસ્ટર કરવા માટે, ઉપયોગકર્તાઓને IPRસંબંધી સેવાઓ પૂરી પાડવા માટેનું અનિવાર્ય ઘટક છે. તેમાં IPR સંબંધી માહિતીને સંશોધન અને વિકાસના લાભ માટે વિતરીત કરવાનો પણ સમાવેશ થાય છે, તેમજ તેણે એ સરકાર, IPને સહાય કરતી સંસ્થાઓ અને ઉપયોગકર્તાના સમુદાયની વચ્ચે એક પુલ સમાન બની રહેવાનું છે. જેમ–જેમ IPRs નોંધનીય રીતે વધતાં જશે અને આર્થિક વિકાસમાં યોગદાન આપતા થયાં છે, તેમ–તેમ IP ના સંચાલન અને વ્યવસ્થાપનના મહત્ત્વ અને ભૂમિકામાં પણ વધારો થતો ગયો છે. આંતરરાષ્ટ્રીય સ્તર પર વૈશ્વિક બની ગયેલ આમૂલ આર્થિક પરિવર્તનમાં IPRનું માળખું એ વધી ગયેલી સ્પર્ધાત્મકતામાં ચાવીરૂપ તત્ત્વ બની ગયું છે. તે બદલામાં, આધુનિક IPOsના સંગઠન, માળખા અને કાર્યોને પ્રભાવિત કરે છે.

હવે IPO સમક્ષ બેવડા પડકાર રહેલાં છે, એક તરફ તેણે તેનું કાર્ય વધુ કાર્યક્ષમ, સુવ્યવસ્થિત અને વાજબી ખર્ચ યુક્ત બનાવવાની સાથે, કાર્યભારનું વિસ્તરણ કરીને તકનીકિ ગુંચવણોની સાથે કામ પાર પાડવાનું છે, તો બીજી તરફ તેણે તેના ઉપયોગકર્તાઓના સમુદાયને મિત્ર રૂપ બને એ રીતની મૂલ્યવર્ધક સેવાઓ પૂરી પાડવાની છે. વિવિધ IP કાર્યાલયોને આધુનિક બનાવવા તરફના પગલાંઓ લેવામાં આવશે, જેમાં ICTના માળખામાં સુધારો કરવાનો પણ સમાવેશ થાય છે. IPOs ખાતે એક સેવા કેન્દ્રિત શાસનનું ધ્યેય રાખતાં, IPRની અરજીઓના નિકાલ માટેની સમયમર્યાદાઓને યોગ્ય કરવા અને તેનું પાલન કરવા તરફના પગલાં લેવામાં આવશે. સંભવિત કાર્યભારનું પૃથ્થકરણ કર્યા બાદ માનવસંશાધનમાં પણ વધારો કરવાની જરૂર છે.

આપણા કાયદાઓ અને આંતરરાષ્ટ્રીય ઉત્તરદાયિત્વોના સંદર્ભમાં બધાંજ સ્તરો પરના IPR અધિકારીઓને સંવેદનશીલ બનાવવા; પદાર્થો અને આપણા કાયદા અને આંતરરાષ્ટ્રીય જવાબદારીના કારણો બાબતે તમામ સ્તરે IPR અધિકારીઓની સંવેદનશીલતા; તેમનું સતત શિક્ષણ અને તાલીમ અને તેમના કામનું નિયમિત ઓડિટ એક જીવંત અને સેવાલક્ષી IPR અમલની ખાતરી કરશે. એક વિકાસ પામી રહેલા IP પર્યાવરણમાં તાલીમની જરૂરિયાતો પૂરી કરવા માટે રાજીવ ગાંધી નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી મેનેજમેન્ટ, નાગપુર (RGN11PM) ને મજબૂત કરવાની જરૂર છે. આઈપી કચેરીઓ અને વિવિધ આર એન્ડ ડી સંસ્થાઓ અને યુનિવર્સિટીઓ વચ્ચે આંતરક્રિયાને પ્રોત્સાહિત કરવા માટેના પગલાં પણ લેવા જોઈએ.

એક છત્ર હેઠળ વિવિધ IP કચેરીઓ વચ્ચે સહયોગી જોડાણ કરવા તરફ દોરી જતાં, સ્ટ્રીમલાઈનીંગ

પ્રક્રિયાઓ, અને વપરાશકર્તાઓ માટે વધુ સારી સેવાઓ ખાતરી આપતાં, કોપીરાઇટ એક્ટ, 1757 અત્યાર સુધી ઉચ્ચ શિક્ષણ વિભાગ બેઠળ એ સેમીકન્ડક્ટર સંકલિત સર્કિટ્સ અને લેઆઉટ ડિઝાઇન એક્ટ, કોપીરાઇટ એક્ટ, 2000, અત્યાર સુધી ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી વિભાગ હેઠળનો વહીવટ, ઔદ્યોગિક પોલિસી અને પ્રમોશનના વિભાગના આશ્રય હેઠળ લાવવામાં આવી રહ્યો છે. IP અસ્કયામતોના પ્રમોશન, રચના અને વ્યાપારીકરણની સુવિધા પૂરી પાડવા, ડીઆઇપીપીની છત્રછાયા હેઠળ IPR પ્રમોશન અને મેનેજમેન્ટ (CIPAM) માટેના એક સેલ રચના થવી જોઇએ.

ક્ષમતા નિર્માણ, માનવ સંશાધન વિકાસ, તાલીમ, ડેટાબેઝનો એક્સેસ, શોધ અને પરીક્ષામાં શ્રેષ્ઠ પદ્ધતિઓ, આઇસીટી અને વપરાશકર્તા લક્ષી સેવાઓનો ઉપયોગ જેવા વિસ્તારોમાં અન્ય દેશોમાં ઓફિસો સાથે તકનિકી સહકારના પ્રમોશન માટે સતત પ્રયત્નો થવા જોઇએ.

આ હેતુ હાંસલ તરફ લેવાના પગલાંઓ નીચે દર્શાવેલ છે:

4.1. ઉચ્ચ શિક્ષણ વિભાગ હેઠળ, કોપીરાઇટ રજિસ્ટ્રારન કચેરીની સાથે, કોપીરાઇટ એક્ટ 1957નો વહીવટ, ઇન્ડસ્ટ્રીયલ પોલિસી એન્ડ પ્રમોશન ડિપાર્ટમેન્ટને ટ્રાન્સફર (DIPP) કરવામાં આવે છે.

4.2. ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી વિભાગ હેઠળ, સેમિકન્ડક્ટર સંકલિત સર્કિટ્સ લેઆઉટ ડિઝાઇન રજિસ્ટ્રી (SICLDR)ની કચેરી સાથે સેમિકન્ડક્ટર સંકલિત સર્કિટ્સ લેઆઉટ ડિઝાઇન એક્ટ 2000 નો વહીવટ, ઇન્ડસ્ટ્રીયલ પોલિસી એન્ડ પ્રમોશન ડિપાર્ટમેન્ટને ટ્રાન્સફર કરવામાં આવે છે;

4.3. ઝડપી વૃદ્ધિ અને IP વપરાશકર્તાઓ અને સેવાઓની વિવિધતા, ઉચ્ચ જવાબદારીઓ અને વધતા કાર્યભારને ધ્યાનમાં રાખીને IPOsને રિસ્ટ્રક્ચર, અપગ્રેડ અને મોડર્નાઇઝ કરો;

4.4. અંદાજિત વર્કલોડ, ભરાવાની ઝડપી પતવણી, વૈશ્વિકસંરક્ષણ પદ્ધતિઓ અને ઉત્પાદકતા પરિમાણોની જરૂરિયાતોના વિશ્લેષણ પછી માનવશક્તિ વધારો;

4.5. સંસ્થાકીય અને વર્ગમાળખાનો અભ્યાસ અને સમીક્ષા, ભરતી, તાલીમ, કારકિર્દી વિકાસની પ્રક્રિયાઓ કાર્યક્ષમતા અને ઉત્પાદકતા વધારવા માટે શ્રેષ્ઠ પ્રતિભાને આકર્ષવા અને જાળવી રાખવા પ્રદર્શન આધારિત પ્રોત્સાહનો;

4.6. IPOs ના વિસ્તરણ જરૂરિયાતોને ધ્યાનમાં લેતાં ભૌતિક અને આઇસિટી ઇન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ આધુનિક બનાવવું અને ઇ-ફાઇલિંગ, ઇપ્રોસેસિંગ અને અન્ય ઇ-સેવાઓ ઝડપી બનાવવું.

4.7. કર્મચારીઓ અને વૈજ્ઞાનિકોની સંવેદનશીલતા માટે વિવિધા IP કચેરીઓ અને જાહેર આર એન્ડડી સંસ્થાઓ વચ્ચે આંતર ક્રિયાઓને પ્રોત્સાહન આપવું;

**4.8.** વિવિધ આર એન્ડ ડી સંસ્થાઓ, યુનિવર્સિટીઓ, નિધિયન એજન્સીઓ, (Funding Agencies) IP સર્જન, સંચાલન અને ઉપયોગમાં સુધારો કરવા માટે સલાહકારી સેવાઓ પૂરી પાડવામાં ઉદ્યોગ અને વાણિજ્યની ચેમ્બર્સ સાથે સહયોગ કરવો;

**4.9.** PCT લઘુત્તમ દસ્તાવેજીકરણના એક ભાગ તરીકે TKDL નો સમાવેશ કરવા માટે પ્રયત્નો કરવા.

**4.10.** IPOS વચ્ચે નજીકનો સહકાર સ્થાપિત કરવા અને કાયદા, નિયમો, માર્ગદર્શિકાના એક્સેસની સરળતા માટે સામાન્ય વેબપોર્ટલ બનાવવા અને વધુ સારા સંકલન માટે

**4.11.** ક્ષમતા નિર્માણ, માનવ સંશાધન વિકાસ, તાલીમ, ડેટાબેઝનો એક્સેસ, શોધ અને પરીક્ષામાં શ્રેષ્ઠ પદ્ધતિઓ, આઈસિટી અને વપરાશકર્તા લક્ષી સેવાઓનો ઉપયોગ, જેવા વિસ્તારોમાં અન્ય દેશોમાં IP ઓફિસો સાથે સહકારને પ્રોત્સાહન આપવું.

**4.12.** અભિગમ અને પદ્ધતિઓ દાખલ કરવા જેથી IP સિસ્ટમના કાયદા, MSMEs, અનૌપચારિક સર્જકો અને પરંપરાગત જ્ઞાનધારકો સહિતના તમામ શોધકો સુધી પહોંચી શકે.

**4.13.** IP અસ્ક્યામતોના પ્રોત્સાહન, સર્જન અને વ્યાપારીકરણની સુવિધા પૂરી પાડવા DIPPના આશ્રય હેઠળ IPR પ્રમોશન અને મેનેજમેન્ટ (CIPAM) માટે સેલ બનાવો;

**4.14.** ભારતમાં ઉત્પાદનને પ્રોત્સાહન આપવા પેટન્ટ અરજીઓની ઝડપી તપાસની શક્યતા ચકાસવી;

**4.15.** આંતરરાષ્ટ્રીય અને દ્વિપક્ષીય સહકાર વધારવો અને IP વિકાસ અને IP સંબંધિત બાબતો અંગે સલાહ અનુસરવા ભારતીય મિશન્સ અબ્રોડ સાથે સંકલન કરવું;

**4.16.** પેટન્ટ્સ ડિઝાઈન્સ અને ટ્રેડમાર્કસના કન્ટ્રોલર જનરલની ઓફિસ પેટન્ટ્સ, ડિઝાઈન, ટ્રેડમાર્ક્સ અને GISનું સંચાલન કરતી CGPDTM કચેરીએ છેલ્લા કેટલાક વર્ષોમાં આઈસિટીના ઉન્નતીકરણ અને ઉપયોગમાં ધરખમ ફેરફાર કર્યા છે. આ ફેરફારોને નીચે જણાવેલ પગલાં દ્વારા વધુ અદ્યતન બનાવવામાં આવશે;

**4.16.1.** તકરારની (Litigation) બાબતોની નોંધણીઓ અને નિકાલની મંજુરી માટે સમયમર્યાદા મુકર્રર કરવી અને પાલન કરવું;

**4.16.2.** દસ્તાવેજોની ફાઈલીંગ અને ડોકેટીંગ, રેકોર્ડની જાળવણી અને દસ્તાવેજ કાર્યપ્રવાહને અને ટ્રેકિંગ સિસ્ટમ્સ સહિત તેમના ડિઝીટલાઈઝીંગ સંબંધે શ્રેષ્ઠ પદ્ધતિઓ અપનાવવી;

**4.16.3.** IP ઓફિસને વપરાશકર્તા માટે અનુકૂળ બનાવવા માટે એક સેવાલક્ષી સંસ્કૃતિનું સર્જન કરવું;

4.16.4. ડિઝાઇન ઓફિસનું ડિઝીટલાઇઝેશન ઝડપી બનાવવા પગલાં લેવા અને ઓનલાઇન સર્ચ અને ફાઈલીંગ સક્રિય કરવું.

4.16.5. IP માં જાહેર રેકોર્ડ્સ સરળતાથી ઉપલબ્ધ રહે અને ઓનલાઇન તેમજ ઓફલાઇન બંન્ને રીતે ઓફિસ એક્સેસીબલ હોય તેની ખાતરી કરવી.

4.16.6. કાર્યક્ષમ ગ્રાન્ટ અને IP અધિકારો સંચાલન માટે IP વહીવટમાં અપનાવવામાં આવી રહેલી પ્રક્રિયાઓની સામયિક ઓડિટ હાથ ધરો;

4.16.7. ISO પ્રમાણપત્ર મેળવવા મોટના ઉદ્દેશ સાથે કામગીરીઓના તમામ તબક્કે ગુણવત્તા ધોરણોનો અમલ કરો.

4.16.8. જૈવિક સ્રોતો અને સંકળાયેલ TK ની મદદથી શોધો અંગે પેટન્ટ સંબંધિત માર્ગદર્શિકાના શાંતિપૂર્ણ અમલીકરણને સક્ષમ કરવા તેની ઓફિસ અને નેશનલ બાયોડાયવર્સિટી ઓથોરિટી વચ્ચે અસરકારક સંકલન સ્થાપિત કરવો.

4.16.9. આઈપી ઓફિસના કર્મચારીઓને, રાજીવ ગાંધી નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ટેલેક્ચ્યુઅલ મેનેજમેન્ટ નાગપુર (RGNIIPM) સાથે કાર્યવાહીમાં વિકાસ (ખાસ કરીને શોધ અને તપાસ), મૂળભૂત કાયદા અને ટેકનોલોજી સાથે તેમને અપડેટ કરવા માટે સતત તાલીમ પૂરી પાડવી;

4.16.10. ટ્રેડમાર્ક રજિસ્ટ્રીઓ અને પેટન્ટ ઓફિસોની વિવિધ શાખાઓ વચ્ચે અસમાનતા દૂર કરો, જો કોઈ હોય તો, અધિકારોની જાળવણી સહિતની અરજીઓમાં તપાસ/મંજુરીમાં પ્રક્રિયાઓનું પ્રમાણીકરણ અપનાવો;

4.16.11. પેટન્ટ અરજીઓ માટે રાષ્ટ્રીય ધોરણે ફિલ્ડ–વાઈઝ કેન્દ્રિય અગ્રતાનો અમલ કરો;

4.16.12. સેન્ટ્રલ એક્સેસ ફોર સર્ચ એન્ડ એક્ઝામીનેશન (CASE) અને WIPO ડિજિટલ એક્સેસ સર્વિસિસ (DAS)નું જોડાણ થઈ શકે તે ચકાશો.

4.16.13. પેટન્ટ ઓફિસ દ્વારા પ્રકાશિત હાલની માર્ગદર્શિકાની સમયાંતરે સમીક્ષા કરવામાં આવશે અને વૈધાનિક જોગવાઈઓન ધ્યાન પર લેવા ફેરતપાસ કરવામાં આવશે;

4.16.14. હેલ્પ ડેસ્કના સ્વરૂપમાં વેલ્યુ એડેડ સેવાઓ, જાગૃતિ અને તાલીમ સામગ્રી, આંતરરાષ્ટ્રીય પેટન્ટ શોધ પદ્ધતિઓ અન્ય IP સંબંધિત ડેટાબેઝના રીમોટ એક્સેસમાં સરળતા;

4.16.15. MSMEs અને સદર ક્ષેત્ર દ્વારા ઉત્સાહનો સંચાલ કરવા પાયાના સંશોધકો માટે પ્રોત્સાહનોનો અમલ;

4.16.16. નિયમિત અંતરાલે પેટન્ટ અને ટ્રેડમાર્ક એજન્ટ તપાસો હાથ ધરો; તાલીમ કાર્યક્રમોનું આયોજન કરો અને તેમને ક્ષમતા નિર્માણ પ્રવૃત્તિઓમાં સામેલ કરો.

4.17. કોપીરાઈટ્સના રજિસ્ટ્રારની કચેરીઃ

## કચેરી શું કરશેઃ

4.17.1. ઈ–એપ્લીકેશન્સ, પ્રક્રિયા અને નોંધણીઓના અંતિમ ઉતારાઓની જારી કરવા સહિત ઓફિસની જગ્યા અને માળખું, સંગઠનાત્મક માળખું, ઇ–ફાઈલિંગ સુવિધાની બાબતમાં કોપીરાઈટ ઓફિસના આધુનિકીકરણની પ્રક્રિયા ઝડપી બનાવવા માટે પગલાં લેશે;

4.17.2. કોપીરાઈટ રેકોર્ડ્સને ડિઝીટલાઈઝ કરશે અને ઓન લાઈન શોધ સુવિધા દાખલ કરશે; કોપીરાઈટ ઓફિસમાં કર્મચારીઓ માટે જરૂરી માનવબળ અને પર્યાપ્ત તાલીમ સુવિધાઓ પૂરી પાડશે;

4.17.3. અધિકાર ધારકોના શ્રેષ્ઠ હિતમાં રોયલ્ટીની વસૂલાત અને ચુકવણીમાં પારદર્શક્તા અને કાર્યક્ષમતાની ખાતરી કરવા માટે કોપીરાઈટ સોસાયટીઝના અસરકારક સંચાલન અને વહીવટ માટે તાત્કાલિક પગલાં લેશે;

4.17.4. હેલ્પ ડેસ્ક, જાગૃતિ અને તાલીમ સામગ્રીના સ્વરૂપમાં વપરાશકર્તાને અનુકૂળ સેવાઓ પૂરી પાડશે.

4.17.5. વ્યક્તિગત સર્જકો, સાહસો અને સંસ્થાઓને તેમના સર્જનાત્મક કાર્ય માટે કોપીરાઈટ પરવાનગીઓને મંજુર કરવા માટેની પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત બનાવશે.

4.18. પ્લાન્ટ વિવિધતાઓ અને ખેડૂતોના અધિકાર ઓથોરિટીનું રક્ષણ કરનાર ઓફિસ પ્લાન્ટ વિવિધતાઓ અને ખેડૂતોના અધિકાર ઓથોરિટીનું રક્ષણ શું કરશે;

4.18.1. નવા, પ્રચલિત અને મૂળભૂત રીતે તારવેલા છોડોની જાતોની નોંધણીમાં વધારો કરવા અને કાર્યવાહી સુવ્યવસ્થિત કરવામાં સહાય.

4.18.2. ખેડૂતો દ્વારા બીજ વિકાસ અને તેમના વ્યાપારીકરણની સુવિધા પૂરી પાડવી;

4.18.3. ઓથોરિટી અને કૃષિ યુનિવર્સિટીઓ, સંશોધન સંસ્થાઓ, ટેકનોલોજી વિકાસ અને સંચાલન કેન્દ્રો તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો વચ્ચે જોડાણો સ્થાપિત કરવા;

4.18.4. તાલીમ અને અન્ય આઈપીઓ સાથે સંકલન, કુશળતા શેરીંગ અને શ્રેષ્ઠ પદ્ધતિઓ અપનાવવા;

4.18.5. નિર્મામ, તાલીમ અને શિક્ષણ કાર્યક્રમોની જાગૃતિમાં વધારો;

**4.18.6. ઓફિસ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને આઈસીટીના ઉપયોગને આધુનિક બનાવવા**

**4.19. સેમિકન્ડક્ટર ઇન્ટેગ્રેટેડ સર્કિટ્સ લેઆઉટ ડિઝાઈનની નોંધણી**

**4.19.1.** રજિસ્ટ્રાર સેમીકન્ડક્ટર ઇન્ટેગ્રેટેડ સર્કિટ્સ લેઆઉટ ડિઝાઈન એક્ટ, 2000 હેઠળ ફાઈલિંગમાં હિતોના અભાવ માટેના કારણોનો અભ્યાસ કરશે અને યોગ્ય ઉપચારાત્મક પગલાં સૂચવશે;

**4.19.2.** વધુ કામ માટે CGPDTM હેઠળ પેટન્ટ ઓફિસ અને ડિઝાઈન વિંગમાં સંબંધિત ગ્રુપ સાથે સંકલન કરશે.

**4.20. નેશનલ બાયોડાયવર્સિટી ઓથોરિટી**

**4.20.1.** IP અધિકારોની મંજુરી માટે માર્ગદર્શનોનું શાંતિપૂર્ણ રીતે અમલીકરણના દ્દષ્ટિબિંદુથી અને જૈવિક સ્ત્રોતો અને સંકળાયેલ પરંપરાગત જ્ઞાન અને લાભના શેરીંગનો એક્સેસ મેળવવા માટે એનબીએ, આઈપીઓ અને આયુષ જેવા અન્ય સંબંધિત મંત્રાલયો/વિભાગો વચ્ચે સરકાર પરામર્શ અને સંકલન પદ્ધતિનું નિશ્ચિત સ્વરૂપ આપશે.

**4.20.2.** એનબીએ IP અધિકારોની ઝડપી ગ્રાન્ટ, નાણાકીય અને બિન–નાણાકીય લાભ–વહેંચણી માટે મંજુરીઓને કાર્યસાધક બનાવશે અને એનબીએ અને અરજદારો વચ્ચે અર્થપૂર્ણ ઇન્ટર ફેસ માટે કાર્યક્ષમ અને વરાશકર્તા મૈત્રીપૂર્ણ પદ્ધતિઓ રજૂ કરશે.

**4.21.** જવાબદારીઓના અવકાશમાં સૂચિત ફેરફારના દ્દષ્ટિબિંદુથી તેના આ દેશને અસર પહોંચાડવા માટે બૌદ્ધિક સંપત્તિના અધિકારોના કન્ટ્રોલ જનરલ તરીકેના ફરી રચના ઓફ પેટન્ટ્સ, ડિઝાઈન અને ટ્રેડમાર્કસના કન્ટ્રોલર જનરલની સંસ્થાની પુનઃનિમણૂંક.

## હેતુ 5: IPR નું વ્યાપારીકરણ–વ્યાપીરકરણ દ્વારા IPR માટે મૂલ્ય મેળવો.

IP અધિકારોના માલિકો માટે મૂલ્ય અને આર્થિક ઇનામ (rewand) માત્ર તેમના વ્યાપારીકરણમાંથી આવે છે. દેશમાં પ્રવર્તમાન IP અસ્કયામતોના મૂડીરોકાણ માટે સઘન પ્રયાસ થવા જોઈએ. ઔદ્યોગીક સાહસિકતાને પ્રોત્સાહન આપવું જોઈએ કે જેથી IPRsનું નાણાકીય મૂલ્ય પ્રાપ્ત કરી શકાય છે. ઔદ્યોગિક સાહસિકતાને પ્રોત્સાહન આપવા ઇન્ક્યુબેટર્સ અને એક્સીલેટર્સ સેટઅપ સહિતની હાલની પદ્ધતિઓ લક્ષી IP સેવાઓ સાથે મજબૂત બનાવવી જોઈએ.

ઔદ્યોગિક સાહસિકો માટે નાણાકીય વ્યવસ્થા એક મુખ્ય અંતરાય છે અને તેથી રોકાણકારો અને IP ક્રિએટર્સને જોડાવા તે જરૂરી છે. માર્કેટિંગના હેતુ માટે IP નું મૂલ્યાંકન IPRsની ક્ષમતાની આકારણી એ સામનો કરવો પડે તેવો અન્ય અવરોધ છે.

BIRAC, NRDC અને TIFAC જેવા વિવિધ સરકાર વિભાગો અને સંસ્થાઓ દ્વારા હાલની IP ભંડોળનો સ્ટોક લેવા, અને તેમને એકત્રિત કરવા, પ્રયત્નો બેવડાતા ટાળીને સફળ મોડલ વધારવાની તાત્કાલિક જરૂર છે. જાહેર – ભંડોળથી ચાલીત સંશોધન પ્રયોગશાળાઓ, શિક્ષણ અને અન્ય સંસ્થાઓએ તેમના સંશોધન પરિણામોના વ્યાપારીકરણને ઉત્તેજન આપવું જોઈએ. તેઓ તેમના IPRs વિકાસ અને જમાવટમાં યોગ્ય રીતે રાજ્ય–સમર્પિત હોવી જોઈએ.

અમુક મોટી સંસ્થાઓ ઉદ્દેશ અને ક્ષમતાઓ તેમની ટેક્નોલોજી / IPRs નું વ્યાપારીકરણ કરવા માટેની હોય છે, જ્યારે અન્ય કેટલીક તેમ નથી કરતી. તેથી, એવી સુવિધાત્મક પદ્ધતિઓ સ્થાપિત કરવાનું હિતાવહ બને છે કે જે ખાસ કરીને MSMEs, શૈક્ષણિક સંસ્થાઓ અને વ્યક્તિગત સર્જકો એની દૃષ્ટિએ એવી મર્યાદાઓ સંબોધતી હોય. તેને, ખાસ કરીને ઉદ્યોગ, ઔદ્યોગિક કલસ્ટરો સાથે આઈપી સુવિધા કેન્દ્રોની પ્રવૃત્તિઓને ક્રિયાન્વિત કરીને અસરકારક રીતે હાંસલ કરી શકાશે. તેમાં પરવાના વ્યવસ્થા અંગે સંવેદનશીલતાનો પણ સમાવેશ થાય છે.

IPRsના એક સામાન્ય ડેટાબેઝ તરીકે કામ કરવા માટે એક જાહેર પ્લેટફોર્મની રચના માટે પ્રયત્નો થવા જોઈએ. આવા પ્લેટફોર્મ સર્જકો અને સંશોધકોને સંભવિત વપરાશકર્તાઓ, ખરીદદારો અને ભંડોળ સંસ્થાઓ સાથે જોડાવા માટે મદદ કરી શકે છે. તે ટેક્નોલોજી લેન્ડસ્કેપની તપાસ કરવામાં, ખાલી જગ્યાઓ ઓળખવા અને તેના દ્વારા ખુલ્લા વિસ્તારોમાં નવીન પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવા માટે મદદરૂપ થશે. નવીનતા માટે નોંધપાત્ર ક્ષમતા નેનો ટેક્નોલોજી, બાયોટેક્નોલોજી, એગ્રી–બાયોટેક, લાઈફ સાયન્સ, ગ્રીન ટેક્નોલોજી, સંદેશાવ્યવહાર, નવી સામગ્રી, સ્પેસ ટેક્નોલોજી વગેરે જેવા નવી અને ઉભરી રહેલી ટેક્નોલોજીમા ંરહેલી છે. આ હેતુ હાંસલ તરફ લેવાના પગલાંઓ નીચે દર્શાવેલ છે.

**5.1. CIPAM નીચેના કાર્યો પણ હાથ ધરશે :**

5.1.1. સર્જકો અને સંશોધકો સંભવિત વપરાશકર્તાઓ, ખરીદદારો અને ભંડોળ એજન્સીઓ સાથે જોડાય તે માટે સુવિધા પ્રદાતા તરીકે કામ કરીને માલકો અને IPR વપરાશકર્તાઓ માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે;

5.1.2. IPR એક્સચેન્જની શક્યતા ચકાસવા અભ્યાસ હાથ ધરવો;

5.1.3. માહિતી અને વિચારોના આદાન પ્રદાન માટે વિવિધ સંસ્થાઓ વચ્ચે કડીઓ સ્થાપિત કરવી તેમજ પ્રોત્સાહક / શૈક્ષણિક ઉત્પાદનો અને સેવાઓનો વિકાસ કરવો;

5.1.4. સર્જકો / સંશોધકો, બજાર વિશ્લેષકો, ભંડોળ એજન્સીઓ, IP મધ્યસ્થી સંસ્થાઓના ભારતીય IP પરનો ડેટાબેઝ અને વૈશ્વિક ડેટાબેઝ માટેનો એક્સેસની સુવિધા પૂરી પાડવી;

5.1.5. દેશની અંદર અને બહાર IP ના પ્રમોશન અને વ્યાપારીકરણ માટે શ્રેષ્ઠ પ્રયાસોનો અભ્યાસ અને અમલની સુવિધા પૂરી પાડવી;

**5.1.6.** IPR **વ્યાપારીકરણ માટે જાહેર ક્ષેત્રની પહેલોને પ્રોત્સાહન આપવું:**

**5.2.** IPRs **માટે લાયસેન્સીંગ અને ટેકનોલોજી ટ્રાન્સફરને પ્રોત્સાહન આપવું;** IPRs **ના વ્યાપારીકરણને સક્રિય કરવા માટે યોગ્ય કરાર અને પરવાનગી માર્ગદર્શિકાની રૂપરેખા તૈયાર કરવી.** IPRs **આધારિત ઉત્પાદનો અને સેવાઓ તૈયાર કરવા માટે પેટન્ટ પુલીંગ અને ક્રોસ લાઈસેન્સીંગને પ્રોત્સાહન આપવું;**

**5.3.** **તેમના** IPRs **વ્યાપારીકરણમાં મદદ કરવા માટે સિંગલ વિન્ડો સેવાઓ માટે ફેસિલિટેશન કેન્દ્રો જેવા એનેબ્લર્સ સાથે અનૌપચારિક ક્ષેત્રોમાંથી** MSMEs, **વ્યક્તિગત શોધકો અને સર્જકોને માટે આધાર પૂરો પાડવા.**

**5.4.** **ભારતીય શોધકોને,** MSMEs, **અન્ય દેશોમાં પણ પ્રાપ્ત કરવા અને વ્યાપારીકરણ કરવાના પ્રારંભોને પ્રોત્સાહન આપવા.**

**5.5.** **વ્યાજબી, યોગ્ય અને ભેદભાવ મુક્ત** (FRAND) **શરતોએ સ્ટાડર્ડ ઇશેન્શિયલ પેટન્ટ** (SEPS) **ની ઉપલબ્ધતા તપાસવા:**

**5.6.** **ભારતીય** IPR **આધારિત ઉત્પાદનો, ખાસ કરીને** GIs **અને વૈશ્વિક ગ્રાહકલક્ષી સેવાઓ માટે વેચાણ તકોને ઓળખવી;**

**5.7.** **આર એન્ડ ડી સંસ્થાઓ, ઉદ્યોગ, શિક્ષણ અને ભંડોળ એજન્સીઓ વચ્ચે સહયોગી** IP **નિર્માણ અને વ્યાપારીકરણ પ્રયાસોને પ્રોત્સાહન આપવું;**

**5.8.** **નીચેની બાબતો દ્વારા વ્યાજબી દરની દવાઓ અને અન્ય આરોગ્ય નિવારકો માટે ઉન્નત એક્સેસની ખાતરી કરવી.**

**(એ)** **જાહેર ક્ષેત્રની, ખાનગી ક્ષેત્ર, યુનિવર્સિટીઓ અને એનજીઓ વચ્ચે ક્રોસ–ક્ષેત્ર ભાગીદારીને પ્રોત્સાહન; (બી) નોવેલ લાઈસન્સિંગ મોડલને પ્રોત્સાહન અને (સી) નોવેલ ટેકનોલોજી પ્લેટફોર્મનો વિકાસ;**

**5.9.** **સલામતી અને અસરકારકતાના ધોરણોની જાળવણી કરતી ઉત્પાદન અને દવાઓ માર્કેટિંગ માટે સમયસર મંજુરીની ખાતરી કરવા માટે નિયમનકારી પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવા;**

**5.10.** **ભારતમાં** API **ના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા સહિત સક્રિય** (Active) **ફાર્માસ્યુટીકલ ઘટકો** (API)**ની આયાતો પર નિર્ભરતા ઘટાડવા માટે અને આરોગ્ય સંભાળ ક્ષેત્રમાં જાહેર ક્ષેત્રના સાહસોના નવસંચાર માટે પ્રયત્નો કરવા;**

**5.11.** **નીચે જણાવેલી બાબતો દ્વારા** IPR **વ્યાપારીકરણના નાણાકીય પાસાને ટેકો પૂરી પાડવો;**

**5.11.1.** **યોગ્ય પદ્ધતિઓ અને માર્ગદર્શિકાના ઉપયોગ દ્વારા અમૂર્ત અસ્કયામતો જેવા** IP **અધિકારોના મૂલ્યાંકનને સક્રિય કરવું. કાયદાકીય, વહીવટી અને બજાર માળખાના**

સક્રિયકરણની રચના દ્વારા સમાંતર IP અધિકારો અને તેના ઉપયોગની બાંહેધરીની સુવિધા પૂરી પાડવી;

5.11.2. રોકાણકારો / ભંડોળ એજન્સીઓ અને માલિકો / વપરાશકર્તાઓ એક સાથે લાવવા માટે સૂચિત IP એક્સચેન્જ દ્વારા IP સંચાલિત ઉદ્યોગો અને સેવાઓમાં રોકાણોની સુવિધા પૂરી પાડવી;

5.11.3. IP અનુકૂળ લોન્સની ઓફર કરતી ગ્રામીણ બેન્કો કે સહકારી બેન્કો જેવી નાણાકીય સંસ્થાઓ દ્વારા ખેડૂતો, વણકરો, કલાકારો, કારીગરો, કસબીઓ વગેરે જેવા IP માલિકો અથવા સર્જકોના ઓછા અધિકાર સંપન્ન જૂથોને નાણાકીય આધાર પૂરો પાડવો;

5.11.4. બેન્કસ, વેન્ચર કેપિટલ ફંડ્સ, એન્જેલસફંડ્સ, ક્રાઉડ ફ્રન્ડિંગ મેકેનિઝમ્સ સહિતની નાણાકીય સંસ્થાઓ સાથેના જોડાણો મારફતે IP અસ્કયામતોના વિકાસ અને વ્યાપારીકરણ માટે નાણાકીય આધાર પૂરો પાડવો;

5.11.5. લાઈસેન્સિંગ અથવા પેટન્ટ કરેલી ટેકનોલોજી પ્રાપ્ત કરવા માટે ઉત્પાદન નીતિ હેઠળ ટેકનોલોજી સંપાદન અને ડેવલપમેન્ટ ફંડનો ઉપયોગ કરવો;

5.11.6. સરકાર દ્વારા તમામ IP ભંડોળનો સ્ટોક લેવો અને શક્ય હોય એટલા પ્રમાણમાં તેને એકત્રિત કરવા પગલાં સૂચવવા; જરૂરિયાત મુજબ ફન્ડિંગનું વિસ્તૃતિકરણ કરવું અને તેને બેવડાતાં અટકાવવું; IP અને નવીનતા સંબંધિત ફંડ્સની વીઝીબીલીટી વધારવી જેથી કરીને ઉપયોગ વધે; સતત ભંડોળ માટે પ્રદર્શન આધારિત મૂલ્યાંકન કરવું.

5.12. મુક્ત ધોરણો અપનાવવાની સાથે સાથે મફત અને ઓપન સોર્સ સોફ્ટવેર ઉપયોગને પ્રોત્સાહિત કરવું; ભારતીય ધોરણનું કામગીરી વાતાવરણ રચવાની શક્યતાની તપાસ કરવામાં આવશે;

5.13. નીચેની બાબતો દ્વારા ગોઈંગ–ટુ–માર્કેટ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપો;

5.13.1. પ્રાયોગીક યોજનાને માન્યતા આપવા માટે MSMEs અને સંશોધન સંસ્થાઓને મદદ કરવા માટે તંત્ર ઊભું કરવું; અને માર્કેટ પરીક્ષણ મારફતે તેની વૃદ્ધિ કરવી;

5.13.2. વેપારમેળા, ઔદ્યોગિક ધોરણની સંસ્થાઓ અને અન્ય ફોરમ્સ ભાગ લેવા જેવી માર્કેટિંગ પ્રવૃત્તિઓ માટે બીજભંડોળ પૂરું પાડવું;

5.13.3. ઇન્ટરનેટ અને મોબાઈલ પ્લેટફોર્મ મારફતે ઇ–કોમર્સ વ્યવસાયિક તકો વિશે IPR માલિકોને માર્ગદર્શન અને આધાર પૂરો પાડવો;

5.13.4. ટ્રેડમાર્ક અને GIS જેવા તેમના IP અધિકારોમાંથી, બ્રાન્ડ ઇક્વિટીની રચના કરવા માટે, સાહસોને પ્રોત્સાહન આપવું.

## હેતુ 6: અમલીકરણનો ચુકાદો – IPR ભંગનો સામનો કરવા માટે અમલીકરણ અને ચુકાદા તંત્રને મજબૂત બનાવવું.

IP અધિકારો મૂળભૂત રીતે ખાનગી અધિકારો છે. IP અધિકારોના રક્ષણની પ્રાથમિક જવાબદારી IPR માલિકોની છે. જેઓ તેમના અધિકારોના અમલ માટે કાનૂની ઉપાયોની માંગ કરી શકે છે. IP અધિકારોના અમલ માટે અસરકારક પદ્ધતિ પૂરી પાડવાની સાથે, સામાજિક અને આર્થિક કલ્યાણ માટે IP અધિકારોનો અયોગ્ય ઉપયોગ અથવા દુરઉપયોગ અટકાવવા માટે કારણભૂત જાહેર અધિકારોનું સંતુલન એટલું જ મહત્ત્વપૂર્ણ છે.

સામાન્યજનતામાં IP માટે આદર ઊભું કરવાની અને તેમના અધિકારોના રક્ષણ અને અમલ માટેના પગલાં અંગે IPના શોધકો અને સર્જકોને સંરવેદનશીલ બનાવવાની જરૂર છે. તે જ સમયે, રાજ્ય પોલીસદળમાં IPR સેલ્સ (cells) મજબૂત કરવા સહિત વિવિધસ્તરે અમલીકરણ એજન્સીઓની ક્ષમતાના નિર્માણની પણ જરૂર છે.

છેતરપિંડી અને પાયરસીની ઓળખ થવી જોઇએ અને તપાસ માટે પગલાં પણ હાથ ધરવાની જરૂર છે. આ સંદર્ભે, TRIPS કરારની કલમ 51ની ફુટનોટમાં ઉલ્લેખ કર્યા મુજબની ‘કાઉન્ટફીટ ટ્રેડમાર્ક ગુડ્સ” અને “પાઇરેટેડ કોપીરાઇટ ગુડ્સ”ની વ્યાખ્યાઓ માર્ગદર્શક સિદ્ધાંતો તરીકે કામગીરી બજાવશે.

ન્યાયિક અકાદમીઓ અને ન્યાયમૂર્તિઓ માટે અન્ય ફોરા ખાતે નિયમિત વર્કશોપ્સ/કોલોકીયા IPR વિવાદોના અસરકારક ચુકાદાની સુવિધા પૂરી પાડશે. અન્ય હિતધારકો માટે મલ્ટીડીસીપ્લીનરી IP અભ્યાસક્રમો/મોડ્યુલો પણ જરૂરી છે.

ખાસ કોમર્શિયલ કોર્ટ દ્વારા IPR વિવાદો અંગે ચુકાદો આપવો ઇચ્છનીય હશે.

વૈકલ્પિક વિવાદ નિવારણ પદ્ધતિની પણ શોધ કરી શકાય છે.

આ હેતુ હાંસલ તરફ લેવાના પગલાંઓ નીચે દર્શાવેલ છે :

6.1. નીચેની બાબતો IPના મૂલ્ય અંગે જાગૃતિ અને IP સંસ્કૃતિ માટે આદર ઊભો કરવો.

6.1.1. નકલી અને પાઇરેટેડ ઉત્પાદનોના દુષણો અંગે જાહેર જનતાને, ખાસ કરીને યુવાનો અને વિદ્યાર્થીઓને શિક્ષણ આપવું;

6.1.2. IP અધિકારો અને ઉપકરણ સહયોગી વ્યૂહરચનાઓ અને સાધનો માટે આદર ઊભો કરવા માટે ઇ–કોમર્સ સહિત ઉદ્યોગના તમામ સ્તરો સાથે જોડાણ કરવું;

6.1.3. સંવેદનશીલતાની, તેમના અધિકારોના રક્ષણ અને અમલ માટે પગલાં અંગે IPના શોધકો અને સર્જકોને સંવેદનશીલ કરવા.

6.2. જેનરિક દવાઓને બનાવટી અથવા નકલી તરીકે ગણવા માટેના પ્રયાસો સામે મજબૂત પગલાં લેવા.

6.3. ખોટા બ્રાન્ડિંગ, ભેળસેળવાળી અને બનાવટી દવાઓના ઉત્પાદન અને વેચાણને કાબુમાં લેવા કડક

પગલાં હાથ ધરવા;

6.4. ઓફલાઈન અને ઓનલાઈન પાઈરસીનો સામનો કરવા ટેકનોલોજી આધારિત માપદંડો સહિત કાનૂની અને અમલ બજવણી તંત્ર તરીકે પણ જનજાગૃતિને મજબૂત બનાવવામાં આવશે;

6.5. નાની ટેકનોલોજી કંપનીઓને તેમના IP અધિકારોના રક્ષણ માટે ટેકો આપવામાં આવશે; દાખલા તરીકે, આઈસીટી કેન્દ્રીત વિસ્તારોમાં IPR માટે આધાર ઉપયોગમાં સરળ પોર્ટલ મારફતે પૂરો પાડવામાં આવશે;

6.6. આંતરરાષ્ટ્રીય સ્તરે તેમના IPRsના રક્ષણ માટે નાની કંપનીઓને સહાય વધારવામાં આવશે, જેમ કે ઇલેક્ટ્રોનિક્સ અને IT (SIP-EIT)માં આંતરરાષ્ટ્રીય પેટન્ટ રક્ષણ માટે ડેઈટીનો ટેકો;

6.7. અન્ય દેશોમાં TK, GR અને TCE ના ભ્રષ્ટાચારના બનાવોનો આક્રમકતાપૂર્વક શોધ ચલાવવી;

6.8. નીચેની બાબતો દ્વારા IP અધિકારોની વધુ સારી સુરક્ષા માટે અમલ બજવણી તંત્રને મજબૂત બનાવવું;

6.8.1. વિવિધ એજન્સીઓ વચ્ચે ઉન્નત સંકલન અને અમલ બજવણીના પગલાંને મજબૂત કરવા અંગે દિશાસૂચન અને માર્ગદર્શન પૂરું પાડવું. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સંકલન અને બુદ્ધિ અને શ્રેષ્ઠ વ્યવહારોનું શેરિંગ; વિવિધ ક્ષેત્રોમાં IP ઉલ્લંઘનની હદનો અભ્યાસ; અમલ સત્તાવાળાઓમાં ક્ષેત્રાધિકાર મુશ્કેલીઓની અસરોની તપાસ; અને ડિઝિટલ પાયરસીનો સામનો કરવા માટે યોગ્ય ટેકનોલોજી આધારિત નિરાકરણો રજૂ કરવા;

6.8.2. IP ગુનાઓનો સામનો કરવા માટે IP સેલ(cell)ની સ્થાપના કરવા રાજ્ય સરકારો સાથે ગાઢ રીતે કામ કરવું;

6.8.3. ડિજિટલ અપરાધોના પ્રસારને તપાસવા અમલીકરણ એજન્સીઓ અને નિર્માણ ક્ષમતાની માનવશક્તિ, માળખાકીય સુવિધાઓ અને ટેકનોલોજીકલ ક્ષમતાઓને વધારવી.

6.8.4. અમલીકરણ એજન્સીઓમાં તેમના એકેડમિક ખાતે અધિકારીઓ માટે રીફ્રેશર તાલીમ સહિત નિયમિત તાલીમ પૂરી પાડવી;

6.8.5. IP અધિકારોના પાલનમાં ટેકનોલોજી આધારિત નિરાકરણોના ઉપયોગને પ્રોત્સાહન;

6.8.6. નકલ અને પાયરસીની મર્યાદાનું મૂલ્યાંકન કરવા સંબંધિત હિતધારકો સાથે મળીને હકીકત શોધવાની અભ્યાસો કરવા અને તેની પાછળના કારણો તેમજ તેને નાથવા માટે પગલા લેવાની શરૂઆત કરવી;

6.8.7. સંબંધિત દેશો સાથે વિદેશમાં પાયરેટ અને નકલ કરવામાં આવી રહેલી ભારતીય કલાકૃતિઓ અને ઉત્પાદનોના મુદ્દાને ધ્યાને લેવા;

**6.9.** **સ્પર્ધા પર પ્રતિકૂળ અસર કરી શકે તેવી લાઈસન્સિંગ પદ્ધતિઓ અથવા શરતો ભારતીય સ્પર્ધા પંચ દ્વારા બજારમાં સ્પર્ધા વિરોધી આચારના નિયમન સહિત પગલાં દ્વારા સંબોધવામાં આવશે.**

**6.10.** **નીચેની બાબતો સહિત વિવિધ પગલાં દ્વારા આઈપી વિવાદોના અસરકારક ચુકાદાની સુવિધા પૂરી પાડવી:**

**6.10.1.** **યોગ્ય સ્તરે સુયોજિત કોમર્શિયલ કોર્ટ દ્વારા આઈપી વિવાદોના ચુકાદા મેળવવા.**

**6.10.2.** **IP અંગે વ્યવહાર કરતા, ન્યાયિક અકાદમીઓ ખાતે નિયમિત IP વર્કશોપ / કોલોકીઆ હાથ ધરતા ન્યાયમૂર્તિઓના લાભ માટે કેસ લૉઝ કાયદા સહિતના IP મોડ્યુલ્સ બનાવવા;**

**6.10.3.** **IP ના ક્ષેત્રમાં મધ્યસ્થી અને સમાધાન કેન્દ્રોને મજબૂત બનાવીને, એડીઆર (ADR) ક્ષમતાઓ અને કૌશલ્યને વિકાસ કરીને, IP કેસોના નિરાકરણમાં ADRsને પ્રોત્સાહન આપવું;**

## હેતુ 7: માનવ મૂડી વિકાસ – IPRsમાં શિક્ષણ, તાલીમ, સંશોધન અને કૌશલ્ય નિર્માણ માટે માનવ સંશાધનો, સંસ્થાઓ અને ક્ષમતાને મજબૂત બનાવવી અને વિસ્તૃત કરવી.

**ટેક્નોલોજીસ, ડિઝીટલ પર્યાવરણ, વિકાસ અનિવાર્યતાઓ અને વિશ્વ જાહેર નીતિના મુદ્દાઓના વધતા વૈશ્વિકીકરણ, આધુનિકરણ સાથે IPR સીનારીયો ગતિશીલ અને ઝડપી પરિવર્તન પામી રહેલો છે. IPR ક્ષેત્રમાં નેતૃત્વ પૂરું પાડવાના વિચાર માટે રાષ્ટ્રીય ક્ષમતાનું નિર્માણ કરવું મહત્ત્વપૂર્ણ છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે એક આંતરશાખાકીય પરિપ્રેક્ષ્ય સાથે અનુરૂપ અનુભવ આધારિત અને પ્રસંગોચિત IPR વિસ્તારો પર સતત નીતિ સંશોધન પણ જરૂરી છે. આ સંશોધન નીતિ, કાયદો, વ્યૂહરચના વિકાસ અને સરકારી તેમજ સંસ્થાકીય સ્તરે આંતરરાષ્ટ્રીય વાટાઘાટોની પ્રક્રિયા સમૃદ્ધ કરશે. સુપ્રીમ સ્તર સંસ્થાઓ અથવા એકમો રાષ્ટ્રીય મહત્ત્વના મોટાભાગના ક્ષેત્રોમાં માટે અસ્તિત્વ ધરાવે છે, બૌદ્ધિક સંપત્તિ અધિકારોના વિકાસ માટે હજુ સુધી આવી સંસ્થાની સ્થાપના કરવામાં આવી નથી.**

**આર્થિક વૃદ્ધિ માટે IPRsની સંપૂર્ણ ક્ષમતા સાથે સુમેળ સાધવા માટે, નીતિ અને કાયદો, વ્યૂહરચના વિકાસ, વહીવટ અને અમલીકરણ જેવા ક્ષેત્રોમાં IPR વ્યાવસાયિકો અને નિષ્ણાતોની સંખ્યા વધી રહેલા જૂથનો વિકાસ કરવો તે જરૂરી છે. આમ IPR કુશળતાની ઉદ્યોગ, શિક્ષણ, કાનૂની પ્રેક્ટશનર્સ, ન્યાયતંત્ર, IP વપરાશકર્તાઓ અને નાગરિક સમાજમાં વિકસિત કરવાની અને વધારો કરવાની જરૂર છે. વધુમાં, નીતિ વિકાસ, શિક્ષણ, તાલીમ, સંશોધન અને કૌશલ્ય નિર્માણ માટે મલ્ટિડિસિપ્લિનરી માનવ અને સંસ્થાકીય ક્ષમતાની વૃદ્ધિ થશે. નિષ્ણાતોના આવા ભંડારો વિકાસના હેતુઓ માટે દેશ અને તેમના ઉપયોગમાં IP અસ્ક્યામતોના વધતા નિર્માણમાં સરળતા ઊભી કરશે.**

**આ હેતુ હાંસલ તરફ લેવાના પગલાંઓ નીચે દર્શાવેલ છે:**

7.1. ઉદ્યોગ અને ધંધા, શિક્ષણ સંસ્થાઓ, આર એન્ડ ડી સંસ્થાઓ વ્યાવસાયિકો; શોધકો અને નાગરિક સમાજ; ટ્રેનર્સને તાલીમ આપવા અને તાલીમ મોડ્યુલ્સનો વિકાસ કરવા; આંતરરાષ્ટ્રીય સ્તરે અન્ય સમાન કંપનીઓ સાથે જોડાણોનો વિકાસ કરવા; એક્ઝામિનર્સ માટે કાનૂની તાલીમ પૂરી પાડવામાં IP સંચાલકો અને મેનેજરો માટે તાલીમ હાથ ધરવા RGNIIPM નાગપુરને મજબૂત અને સશક્ત બનાવવી;

7.2. ગુણવત્તાસભર શિક્ષણ અને સંશોધન પૂરું પાડવા માટે ઉચ્ચ શિક્ષણની શૈક્ષણિક સંસ્થાઓમાં IP ચેર્સને મજબૂત બનાવવી; શિક્ષણ ક્ષમતા અને અભ્યાસક્રમનો વિકાસ કરવો અને પ્રદર્શન આધારિત માપદંડ પર તેમના કાર્યનું મૂલ્યાંકન કરવું;

7.3. ન્યાયિક અકાદમીઓ, નેશનલ એકેડમી ઓફ એડમિનિસ્ટ્રેશન, પોલીસ એન્ડ કસ્ટમ્સ અકાદમીઓ, ઇન્સ્ટિટ્યૂટ ફોર ફોરેન સર્વિસ ટ્રેનિંગ, ફોરેસ્ટ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ્સ જેવી મુખ્ય તાલીમ સંસ્થાઓમાં મલ્ટી ડીસીપ્લીનરી IP અભ્યાસક્રમો / મોડ્યૂલ્સ દાખલ કરવા.

7.4. બધા કાનૂની ટેકનિકલ, મેડિકલ અને મેનેજમેન્ટ શૈક્ષણિક સંસ્થાઓ, NIFTs, NIDs, આયુષ શૈક્ષણિક સંસ્થાઓ, કૃષિ યુનિવર્સિટીઓ, કૌશલ્ય વિકાસના અને તેના જેવા કેન્દ્રોમાં IPRને અભ્યાસક્રમના એક અભિન્ન ભાગ બનાવવો;

7.5. NIFTs, NIDs, કૃષિ યુનિવર્સિટીઓ, ટેકનોલોજી અને મેનેજમેન્ટ સંસ્થાઓ અને કૌશલ્ય વિકાસના કેન્દ્રોમાં વર્તમાન IPR સેલ્સ અને ટેકનોલોજી વિકાસ અને વ્યવસ્થાપન એકમોને મજબૂત બનાવવા અને નવાની રચના કરવી;

7.6. સરકારી વિભાગો, ઉચ્ચ શિક્ષણ, સંશોધન અને તકનીકી સંસ્થાઓમાં સંસ્થાકીય આઈપી નીતિ / વ્યુહરચનાના સૂત્રીકરણને પ્રોત્સાહન આપવું;

7.7. શાળાઓ, કોલેજો અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓ તેમજ કૌશલ્ય વિકાસ કેન્દ્રોમાં પ્રોત્સાહનરૂપે IP શિક્ષણ દાખલ કરવું.

7.8. IP સમસ્યાઓ અને શિક્ષણ, તાલીમ અને કૌશલ્ય નિર્માણ માટે જાગૃતિ વધારવા ઉદ્યોગ સંગઠનો, શોધક અને સર્જક એસોશિયેશન્સ અને IP આધારિત સંસ્થાઓને સુવિધા પૂરી પાડવી;

7.9. વપરાશકર્તાઓના તમામ વર્ગો માટે IP અંગે ઘરે બેઠા શિક્ષણ અને ઓન લાઇન અભ્યાસક્રમોનો વિકાસ કરવો; ઓપન યુનિવર્સિટીઓ અને કૌશલ્ય વિકાસના કેન્દ્રોમાં IP શિક્ષણ મજબૂત બનાવવું.

7.10. WIPO, -WTO, અન્ય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને નામાંકિત વિદેશી યુનિવર્સિટીઓ સાથેના સહયોગથી IP શિક્ષણ, સંશોધન અને તાલીમને મજબૂત બનાવવા;

7.11. સ્ત્રીઓ સર્જકો, સંશોધકો, ઉદ્યોગ સાહસિકો, વ્યાવસાયિકો, શિક્ષકો અને ટ્રેનર્સમાં ક્ષમતા નિર્માણને પ્રોત્સાહન આપવું અને સહાય કરવી.

## અમલીકરણ

ભારતમાં બૌદ્ધિક સંપત્તિ વિવિધ મંત્રાલયો / વિભાગોના અધિકારક્ષેત્ર હેઠળ કેટલાક કાયદાઓ, નિયમો અને નિયમનો દ્વારા સંચાલિત થાય છે. ઘણી ઓથોરોટીઝ અને ઓફિસો કાયદાનું સંચાલન કરે છે. કાનૂની જોગવાઈઓનું સંવાદીપણે અમલ થવો જોઈએ કે જેથી કરીને તેમની વચ્ચે સંઘર્ષ, અરસપરસ વ્યાપ કે અસાતત્યતા ટાળી શકાય. કાર્યક્ષમ વહીવટ અને વપરાશકર્તા સંતોષના હિતમાં સંબંધિત ઓથોરિટી એકબીજા સાથેના સંકલનમાં કાયદાનું સંચાલન કરે તે જરૂરી છે. IP ના વિવિધ ક્ષેત્રોમાં ઉપસ્થિત થતી કાનૂની તકનીકી, આર્થિક અને સામાજિક–સાંસ્કૃતિક સમસ્યાઓ જે એકબીજામાંથી પરસ્પર પસાર થાય છે અને શ્રેષ્ઠ જાહેર હિતમાં વ્યક્ત થવાની અને સર્વસંમતિ દ્વારા ઉકેલ લાવવાની જરૂર છે. આંતરરાષ્ટ્રીય, પ્રાદેશિક અને દ્વિપક્ષીય વાટાઘાટોનો વિવિધ મંત્રાલયો, સત્તાવાળાઓ અને હિસ્સેદારો સાથે પરામર્શથી એક સામાન્ય રાષ્ટ્રીય સ્થિતિએ વિકાસ કરવાની જરૂર છે.

વર્તમાન આઈપી નીતિ રાષ્ટ્રીય વિકાસ યોજનાઓમાં નીતિ અને વ્યૂહાત્મક સાધન તરીકે IPને સંકલિત કરવાનો હેતુ રાખે છે. તે ભારતમાં IP સિસ્ટમના એક સંકલિત અને સંગઠિત વિકાસની અપેક્ષા રાખે છે અને IP કાનૂની વહીવટી, સંસ્થાકીય અને અમલ સંબંધિત બાબતો અંગે સર્વગ્રાહી અભિગમ અપનાવવાની જરૂરિયાત છે.

આમ, ઇન્ડસ્ટ્રીયલ પોલિસી એન્ડ પ્રમોશન ડિપાર્ટમેન્ટ, ભારતમાં IPRsનું સંકલન, માર્ગદર્શન કરવા અને અમલીકરણ તેમજ ભાવિ વિકાસની દેખરેખ રાખવા માટે મધ્યવર્તી બિંદુ રહેશે. કાર્યયોજનાના વાસ્તવિક અમલીકરણ માટેની જવાબદારી કાર્યના તેમને સોંપાયેલ ક્ષેત્રમાં સંબંધિત મંત્રાલયો / વિભાગો પાસે રહેશે. રાજ્ય સરકારો સહિત, જાહેર અને ખાનગી ક્ષેત્રની સંસ્થાઓ અને અન્ય હિતધારકોને પણ અમલીકરણ પ્રક્રિયામાં સામેલ કરવામાં આવશે.

Department of Science & Technology
Government of Gujarat

# આપના જીવનને વિજ્ઞાન નો સ્પર્શ

માનવ ઉત્ક્રાંતિમાં અને માંનવજાતના વિકાસમાં વિજ્ઞાન એન્ડ ટેકનોલોજીનો મહત્વનો ફાળો રહ્યો છે. સતત વિકસતિ જતી ટેકનોલોજી અને હાલની પરિસ્થિતિઓનો સમનવય કરીને રાજ્યના વિકાસ માં વિજ્ઞાન એન્ડ ટેકનોલોજીનો ઉપયોગ કરી શકાય એ હેતુથી જ સ્પ્ટેમ્બર ૧૯૮૬માં ગુજરાત સરકારે શિક્ષણ વિભાગ માં ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ)ની સ્થાપના કરી હતી. ગુજકોસ્ટ શરુઆત થી જ ટેકનોલોજી ના જાણકારો અને તેના વપરાશકારો વચ્ચે સંવાદ જાળવવા કાર્યશીલ છે. તે માટે એક બાજુ તે વિજ્ઞાનીઓને અને એન્જિનીયરોને તો બીજી બાજુ સરકારી વહીવટદારો અને કાયદાઓના ઘડાવૈયાઓને એક પ્લેટફોર્મ પર બોલાવતી રહે છે. ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) ગુજરાતના સાયન્સ અને ટેકનોલોજી વિભાગ હેઠળ કામ કરે છે અને રાજ્યના વિકાસની પ્રક્રિયામાં વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રચારમાં એક ઉત્પ્રેરક ભૂમિકા ભજવે છે.








Investing In Science : Investing In The Future

## ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી
## વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ, ગુજરાત સરકાર

Investing in Science : Investing in the future

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ, ગુજરાત સરકાર
બ્લોક બી, ૭ મો માળ, એમ.એસ.બિલ્ડીંગ, ગાંધીનગર - ૩૮૨૦૧૧
www.gujcost.gujarat.gov.in